RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ પોષ વદ -૮    શનિવાર, તા.૧૦-૦૧-૨૦૨૬    અંક : ૬૧ વર્ષ : ૨૩    news@aaspassindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# ગુજરાતમાં શિયાળાની જમાવટ : નલિયામાં ૪.૮ ડિગ્રી ઠંડી

## નલિયામાં સીઝનનું સૌથી નીચું ૪.૮ ડિગ્રી તાપમાન, રાજકોટ-અમરેલીમાં પારો ૧૦ ડિગ્રીથી નીચે નોંધાયો

અમદાવાદ

સમગ્ર ગુજરાતમાં હાલ કાતિલ ઠંડીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેમાં કચ્છનું નલિયા ૪.૮ ડિગ્રી સેલ્સીયસ સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર નોંધાયું હતું. જે આ સીઝનનું સૌથી નીચું તાપમાન રહ્યું હતું. ઠંડા પવનોના કારણે જનજીવન પ્રભાવિત થયું છે અને લોકો વહેલી સવાર તથા મોડી રાત્રે ઠૂંઠવાઈ રહ્યા છે. સૌરાષ્ટ્રમાં પણ ઠંડીનું જોર વધ્યું છે, જ્યાં અમરેલીમાં ૮.૬ ડિગ્રી અને રાજકોટમાં ૯.૪ ડિગ્રી તાપમાન નોંધાતા નગરજનો ધ્રૂજી ઉઠ્યા છે.

રાજ્યના અન્ય મુખ્ય શહેરોની વાત કરીએ તો, અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૧.૭ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૦.૮ ડિગ્રી અને વડોદરામાં ૧૪ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું છે. દક્ષિણ ગુજરાતમાં સુરત ૧૫ ડિગ્રી સાથે પ્રમાણમાં ગરમ રહ્યું છે, જ્યારે ડાંગમાં તાપમાન ૧૨.૮ ડિગ્રી રહ્યું હતું. સરહદી વિસ્તાર એવા ભુજમાં ૧૧.૨ ડિગ્રી અને કંડલામાં ૧૧.૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં પણ ઠંડીનું આ મોજું યથાવત રહેવાની શક્યતા છે.

અમદાવાદમાં ૧૨.૧ ડિગ્રી સેલ્સિયસ
અમરેલીમાં ૮.૪ ડિગ્રી સેલ્સિયસ
વડોદરામાં ૧૩.૬ ડિગ્રી સેલ્સિયસ
ભાવનગરમાં ૧૩.૪ ડિગ્રી સેલ્સિયસ
ભુજમાં ૧૦.૨ ડિગ્રી સેલ્સિયસ
દમણમાં ૧૬ ડિગ્રી સેલ્સિયસ
ડીસામાં ૧૦.૪ ડિગ્રી સેલ્સિયસ
દીવમાં ૧૪.૫ ડિગ્રી સેલ્સિયસ
દ્વારકામાં ૧૩.૮ ડિગ્રી સેલ્સિયસ
ગાંધીનગરમાં ૧૦.૫ ડિગ્રી સેલ્સિયસ
કંડલામાં ૧૨.૬ ડિગ્રી સેલ્સિયસ
નલિયામાં ૬.૪ ડિગ્રી સેલ્સિયસ
ઓખામાં ૧૭.૩ ડિગ્રી સેલ્સિયસ
પોરબંદરમાં ૧૧.૧ ડિગ્રી સેલ્સિયસ
રાજકોટમાં ૧૦ ડિગ્રી સેલ્સિયસ
સુરતમાં ૧૪.૬ ડિગ્રી સેલ્સિયસ
વેરાવળમાં ૧૪.૯ ડિગ્રી સેલ્સિયસ



### તમિલનાડુના દરિયાકાંઠે વરસાદની આગાહી

દક્ષિણ ભારતના હવામાન પર નજર કરીએ તો, બંગાળની ખાડીમાં સર્જાયેલું 'ડીપ ડિપ્રેશન' શ્રીલંકા તરફ આગળ વધી રહ્યું છે. ૯ જાન્યુઆરીની મધ્યરાત્રિએ આ સિસ્ટમ શ્રીલંકાના ત્રિંકોમાલીથી અંદાજે ૧૦૦ કિમી દૂર કેન્દ્રિત હતી. હવામાન વિભાગની આગાહી મુજબ, આ સિસ્ટમ આજે ૧૦ જાન્યુઆરીના રોજ બપોર સુધીમાં ડિપ્રેશનમાં ફેરવાઈને ઉત્તર શ્રીલંકાના કિનારાને ઓળંગશે. આ સિસ્ટમના કારણે તમિલનાડુના દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાવાની શક્યતા છે.

### ઉત્તર ભારત ઠંડી અને ગાઢ ધુમ્મસ

બીજી તરફ, ઉત્તર ભારત અત્યારે હાડ થીજવતી ઠંડી અને ગાઢ ધુમ્મસની ચપેટમાં છે. દિલ્હી-દ્રૂઝઈ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં સ્થિતિ ગંભીર બની છે, જ્યાં વિઝિબિલિટી શૂન્યની નજીક પહોંચી જતા વાહનવ્યવહાર પર માઠી અસર પડી છે. હવામાન વિભાગે શનિવાર, ૧૦ જાન્યુઆરી માટે પણ આકરી ઠંડી અને કોહરાની ચેતવણી જારી કરી છે. વધુમાં, આગામી સમયમાં થનારો વરસાદ લોકોની મુશ્કેલીમાં વધારો કરી શકે છે, જેના કારણે હાલ રાહત મળવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી.

# મુંબઈના ગોરેગાંવમાં મકાનમાં આગ લાગતા પરિવારના ત્રણ સભ્યોના મોત

## વહેલી સવારે ત્રણ વાગ્યે લાગેલી આગમાં ગૂંગળામણ થવાથી મહિલા સહિત ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો

મુંબઈ

મુંબઈના ગોરેગાંવ પશ્ચિમ સ્થિત ભગતસિંહ નગરમાં આજે વહેલી સવારે લગભગ ૩ વાગ્યે એક ઘરમાં આગ લાગતા પરિવારના ત્રણ લોકોના ગૂંગળામણને કારણે મૃત્યુ થયા છે, જેમાં બે પુરુષ અને એક મહિલાનો સમાવેશ થાય છે.

ઘરમાં આગ લાગવાની જાણ થતાં જ પોલીસ અને ફાયર વિભાગની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ આગ પર કાબૂ મેળવી લીધો હતો, પરંતુ ઘરમાં સૂઈ રહેલા ત્રણ લોકોને બચાવી શકાયા ન હતા. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં ગૂંગળામણને કારણે એક મહિલા સહિત ત્રણ લોકોના મોત થયા છે.

મુંબઈ ફાયર બ્રિગેડ વિભાગને આગ લાગ્યાની જાણ સવારે ૩:૦૬ વાગ્યે મળી હતી. વિભાગ તરફથી જણાવવામાં આવ્યું કે, ઘરમાં આગ ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર પરના વીજળીના વાયરોમાં લાગી હતી, જે બાદ તે ઘરમાં રાખેલા અન્ય સામાન સુધી ફેલાઈ ગઈ હતી. વિભાગે વધુમાં જણાવ્યું કે ફાયર બ્રિગેડના જવાનો પહોંચે તે પહેલાં, સ્થાનિક લોકોએ ડોલથી પાણી નાખીને આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને સૌથી પહેલા વીજળીનો પુરવઠો કાપી નાખ્યો હતો.

# વડાપ્રધાન મોદી આજથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે

## ગુજરાત પ્રવાસ દરમિયાન પીએમ મોદી સોમનાથ, રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગરમાં ધાર્મિક, સાંસ્કૃતિક, ઔદ્યોગિક અને આંતરરાષ્ટ્રીય સ્તરના અનેક મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં ભાગ લેશે

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી ગુજરાતના ત્રણ દિવસીય પ્રવાસે આવી રહ્યા છે. ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાનના તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ સોમનાથ, રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગરમાં ધાર્મિક, સાંસ્કૃતિક, ઔદ્યોગિક અને આંતરરાષ્ટ્રીય સ્તરના અનેક મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં ભાગ લેશે.

વડાપ્રધાન ૧૦ જાન્યુઆરીની સાંજે સોમનાથ પહોંચશે. અહીં તેઓ સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠકની અધ્યક્ષતા કરશે. ત્યારપછી, રાત્રે લગભગ ૮ વાગ્યે, વડાપ્રધાન 'ઓમકાર મંત્ર જાપ'માં ભાગ લેશે અને સોમનાથ મંદિર પરિસરમાં આયોજિત ભવ્ય ડ્રોન શો પણ નિહાળશે.

૧૧ જાન્યુઆરીએ, વડાપ્રધાન સવારે લગભગ ૯:૪૫ વાગ્યે શૌર્ય યાત્રામાં જોડાશે. આ યાત્રા સોમનાથ મંદિરની રક્ષા કરતા પોતાના પ્રાણોની આહુતિ આપનારા અસંખ્ય યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપવા માટે કાઢવામાં આવે છે. ત્યારપછી, સવારે લગભગ ૧૦:૧૫ વાગ્યે, વડાપ્રધાન સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા-અર્ચના કરશે.

સોમનાથના કાર્યક્રમો બાદ, વડાપ્રધાન રાજકોટ જવા રવાના થશે, જ્યાં તેઓ કચ્છ અને સૌરાષ્ટ્ર ક્ષેત્ર માટે આયોજિત 'વાઈબ્રન્ટ ગુજરાત ક્ષેત્રીય સંમેલન'માં ભાગ લેશે. બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે તેઓ ટ્રેડ શો અને પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે. ત્યારપછી બપોરે ૨ વાગ્યે, વડાપ્રધાન રાજકોટની મારવાડી યુનિવર્સિટીમાં સંમેલનનું ઔપચારિક ઉદ્ઘાટન કરશે અને જનસભાને પણ સંબોધિત કરશે.

વડાપ્રધાન અમદાવાદ જશે. સાંજે લગભગ ૫:૧૫ વાગ્યે, તેઓ મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન પર અમદાવાદ મેટ્રોના બીજા તબક્કાના સેક્ટર ૧૦છથી મહાત્મા મંદિર સુધીના બાકીના હિસ્સાનું ઉદ્ઘાટન કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર, જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ ૧૨ અને ૧૩ જાન્યુઆરીએ ભારતની સત્તાવાર મુલાકાતે આવશે.૧૨ જાન્યુઆરીએ સવારે લગભગ ૯:૩૦ વાગ્યે, વડાપ્રધાન અને જર્મન ચાન્સેલર સાબરમતી આશ્રમની મુલાકાત લેશે. ત્યારપછી, સવારે ૧૦ વાગ્યે, બંને નેતાઓ સાબરમતી રિવરફ્રન્ટ પર આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેશે.

સવારે ૧૧:૧૫ વાગ્યાથી ગાંધીનગરના મહાત્મા મંદિરમાં વડાપ્રધાન અને જર્મન ચાન્સેલર વચ્ચે દ્વિપક્ષીય વાર્તાલાપ થશે.

# સરકારી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાથી સરકારી નોકરી માટેનો અધિકાર નથી મળી જતો : સુપ્રીમ કોર્ટ

## નર્સિંગના વિદ્યાર્થીઓને નોકરી આપવા સરકારને આદેશ કરતો હાઈકોર્ટેનો હુકમ સુપ્રીમ કોર્ટે રદ કર્યો

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે માત્ર સરકારી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાથી કે ડિગ્રી મેળવવાથી કોઈ ઉમેદવારને સરકારી નોકરીમાં સીધી નિમણૂક મેળવવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ન્યાયાધીશ રાજેશ બિંદલ અને મનમોહન સિંહની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના અગાઉના આદેશને ઉલટાવી દીધો છે, જેમાં હાઈકોર્ટે નર્સિંગના વિદ્યાર્થીઓને નોકરી આપવા સરકારને આદેશ કર્યો હતો.

અહેવાલો અનુસાર, ઉત્તર પ્રદેશમાં આયુર્વેદિક નર્સિંગ તાલીમ અભ્યાસક્રમમાં વર્ષોથી એવી પ્રથા હતી કે સરકારી સંસ્થામાં તાલીમ લેનારા તમામ (મર્યાદિત ૨૦ બેઠકો) ઉમેદવારોને સીધી સ્ટાફ નર્સ તરીકે નોકરી મળી જતી હતી. જોકે, ૨૦૧૧ પછી સરકારે આ નીતિ બદલી અને ખાનગી સંસ્થાઓને પણ આ કોર્સ શરૂ કરવાની મંજૂરી આપી. જેના કારણે લાયક ઉમેદવારોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો.

# ઈરાનમાં પ્રદર્શનકારીઓ પર અંધાધૂંધ ગોળીબારમાં ૨૧૭ ના મોતનો દાવો

## ઈરાની સરકારના નિર્દેશ પર સુરક્ષાદળો દ્વારા ઘણી જગ્યાએ ગોળીબાર કરવામાં આવી રહ્યો હોવાની વાતો સામે આવી

તેહરાન

ઈરાનમાં ઈસ્લામિક શાસન વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોએ હવે વિકરાળ રૂપ ધારણ કરી લીધું છે. ઈરાની સરકારના નિર્દેશ પર સુરક્ષાદળો દ્વારા ઘણી જગ્યાએ ગોળીબાર કરવામાં આવી રહ્યો હોવાની વાતો સામે આવી રહી છે. ટાઈમ મેગેઝિન સાથેની વાતચીતમાં એક ઈરાની ડોક્ટરે પોતાની ઓળખ ગુપ્ત રાખવાની શરતે દાવો કર્યો છે કે, માત્ર રાજધાની તેહરાનની છ હોસ્પિટલોમાં જ ઓછામાં ઓછા ૨૧૭ પ્રદર્શનકારીઓના મોત નોંધાયા છે, જેમાંથી મોટાભાગના ગોળીબારમાં માર્યા ગયા છે. જોકે, ટાઈમ મેગેઝિને આ આંકડાઓની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી નથી.

જો આ મૃત્યુઆંક સાચો હોય તો, તે ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શનોના ભયાનક દમન તરફ ઈશારો કરે છે. આ વિરોધ પ્રદર્શનો ૨૮ ડિસેમ્બરથી આર્થિક સંકટ સામે શરૂ થયા હતા, પરંતુ હવે તે ઈરાનના તમામ ૩૧ પ્રાંતોમાં ફેલાઈ ચૂક્યા છે અને ઈસ્લામિક શાસનને ઉખાડી ફેંકવાની માંગ કરી રહ્યા છે.

# ભારત ઓટો પાયલટ મોડમાં પણ વિકાસનું લક્ષ્ય હાંસલ કરશે : સુરક્ષા સલાહકાર ડોભાલ

## રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે યુવાવર્ગ સાથે વાર્તાલાપ કરી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના વિકાસનો ચિતાર આપ્યો

નવી દિલ્હી

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે "વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ"ના ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન તેમણે યુવાનો સાથે વાતચીત કરી હતી. યુવાનોને સંબોધતા અજિત ડોભાલે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને એટલી હદે લઈ ગયા છે કે જો તે ઓટોપાયલટ પર ચાલવાનું ચાલુ રાખશે તો પણ તે વિકસિત ભારત બનશે.

યુવાનો સાથે વાતચીત કરતા કહ્યું, મારું કાર્યક્ષેત્ર અલગ છે, મારો અનુભવ અલગ છે, અને યુવાનો સાથે ઉંમરનો મોટો તફાવત છે.

તમારામાંથી મોટાભાગના લોકો મારાથી ૬૦ વર્ષથી વધુ નાના છે, તેથી હું થોડો અનિશ્ચિત હતો કે આવવું કે નહીં. મારો જન્મ સ્વતંત્ર ભારતમાં નહીં, પરંતુ સ્વતંત્રતા પહેલાના ભારતમાં થયો હતો. મારી યુવાની ઘણા સમય પહેલા જ ગઈ હતી.

આજે એટલું બધું બદલાઈ ગયું છે કે મને બધું ખબર નથી. પરંતુ એક વાત સામાન્ય છે, ભલે તમે તેનો ખ્યાલ રાખો કે ન રાખો - એક નાની વાત જે તમારા જીવનની દિશા નક્કી કરે છે. નિર્ણયો લેવાની ક્ષમતા. તમે બધા નાના અને મોટા, દરરોજ નિર્ણયો લો છો, અને જેમ જેમ તમે મોટા થશો, તમારે દરેક પગલે નિર્ણયો લેવા પડશે. ભારતનો વિકાસ થશે તે ચોક્કસ છે.

'વિશ્વભરમાં ચાલી રહેલા બધા સંઘર્ષો અને યુદ્ધો એટલા માટે છે કારણ કે કેટલાક દેશો પોતાની ઈચ્છા બીજાઓ પર લાદવા માંગે છે અને તે કરવા માટે તેમની બધી શક્તિનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ જો તમે શક્તિશાળી છો, તો તમે સ્વતંત્ર રહેશો. આત્મવિશ્વાસ વિના, બધી શક્તિ અને શસ્ત્રો નકામા છે. આજે આપણા દેશમાં આવું નેતૃત્વ હોવાનો આપણે ભાગ્યશાળી છીએ. તેમની પ્રતિબદ્ધતા, સમર્પણ અને સખત મહેનત આપણા બધા માટે પ્રેરણારૂપ છે.

# ફાઈવ ડે વિકની માંગણી સાથે ૨૭મીએ બેંક કર્મચારીઓની રાષ્ટ્રવ્યાપી હડતાલ

## કેન્દ્ર સરકાર દ્વારા કોઈ નિર્ણય લેવામાં ન આવતા કર્મચારીઓએ હડતાલનું શાસ્ત્ર ઉગામ્યું

નવી દિલ્હી

બેન્ક કર્મચારીઓ દ્વારા પાંચ દિવસનું કાર્યસપ્તાહ કરવાની માંગણી બાબતે કેન્દ્ર સરકાર છેલ્લા દસ વર્ષથી મૌન સેવી રહી છે.

આ વલણના વિરોધમાં આગામી ૨૭મી જાન્યુઆરીએ બેન્ક કર્મચારીઓએ રાષ્ટ્રવ્યાપી હડતાલનું એલાન આપ્યું છે. જોકે બેન્ક મેનેજમેન્ટ આ પ્રસ્તાવ પર સહમત થઈ ગયું છે, પરંતુ કેન્દ્ર સરકાર તરફથી હજુ સુધી મંજૂરી ન મળતા કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે અને તેના વિરોધમાં આ હડતાલ પાડવામાં આવશે.

ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોયી એસોસિયેશનના મહામંત્રીના જણાવ્યા અનુસાર, જો શનિવારે રજા આપવામાં આવે તો બેન્કના કર્મચારીઓ બાકીના પાંચ દિવસ દરમિયાન રોજની ૪૦ મિનિટ વધુ કામ કરવા તૈયાર છે, જેથી બેન્કિંગ કામકાજ પર કોઈ વિપરીત અસર ન પડે. વધુમાં, ડિજિટલ બેન્કિંગ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ જેવી સુવિધાઓ વધવાને કારણે બેન્ક શાખાની પ્રત્યક્ષ મુલાકાત લેતા ગ્રાહકોની સંખ્યામાં ૭૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. આથી, બદલાતા સમય અને ટેકનોલોજીના પ્રસારને જોતા પાંચ દિવસનું કાર્યસપ્તાહ વ્યવહારુ હોવાનું એસોસિયેશનનું માનવું છે.

સૌરાષ્ટ્ર આસપાસ

## બજારમાં મીઠી મધુરી કાળી શેરડીનું આગમન



તસ્વીર : કૌશિક વ્યાસ

મકરસંક્રાંતિ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે ત્યારે આ પર્વને આડે હવે ચાર દિવસ બાકી રહ્યા છે ત્યારે સિહોરમાંથી પસાર થતા ભાવનગર રાજકોટ હાઈવે રોડ પર દાદાની વાવથી વળાવડ ફાટક સુધી ઠેર ઠેર મહારાષ્ટ્રની સ્વાદિષ્ટ કાળી શેરડીનું વેચાણ શરૂ થઈ જતા લોકો શેરડીની ખરીદી કરવા લાગ્યા છે. મહારાષ્ટ્રથી કાળી શેરડીનું આગમન થતાં સાદી શેરડીનું વેચાણ સાવ ઘટી રહ્યું છે અને ધીમે ધીમે લુપ્ત થતી જાય છે.

# ડુપ્લીકેટ ચલણી નોટના કેસમાં વધુ બે આરોપી ઝડપાયા, હજુ એકની શોધખોળ

### રાજપરાના શખ્સે આ બંને શખ્સોને ૨૦ ડુપ્લીકેટ નોટ વટાવવા આપી હતી



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૦

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ ટિમ દ્વારા ગત ૫ જાન્યુઆરીના રોજ શહેરના રેલ્વે સ્ટેશન રોડ નજીકથી એક ઈસમને ૨૦૦ ના દરની ૩૪૩ નકલી ચલણી નોટો સાથે ઝડપી પાડ્યો હતો.જેમાં પોલીસે મોબાઈલ અને સ્કુટર સહિત રૂ.૫૫,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જેમાં આરોપીની તપાસ દરમિયાન તેના બે મિત્રો ને ૨૦૦ના દરની નકલી નોટો આપી હોવાનું સામે આવ્યું હતું ત્યારે પોલિસે બે શખ્સને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

એલસીબીને સિહોરના રાજપરા ગામના અજય ઉર્ફે ઘુઘો પોપટભાઈ બુધેલીયા પાસેથી ડુપ્લીકેટ ચલણની નોટો મળી આવી હતી જેમાં ૩૪૩- નોટો, અસલ રૂ.૨૦૦ ની નોટ- ૨ તથા રૂ.૧૦૦ ની નોટ ૪ કુલ રૂપીયા ૮૦૦ અને ૧ રેડમી કંપનીનો મોબાઈલ રૂ.૫૦૦૦, એકસેસ સ્કુટર રુ.૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૫,૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. તેની વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ અર્થે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો હતો. જેમાં તપાસ દરમિયાન આ ગુનામાં વધુ ૨ આરોપીની સંડોવણી હોવાનું સામે આવતા ભાવનગરના વિશાલ બહાદુર વાઘેલા અને ચંદ્રસિંહ સોલંકીને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ તપાસ દરમિયાન ખુલ્યું હતું કે, વિશાલ વાઘેલાને ૨૦૦ના દરની કુલ ૫ નોટો આપી હતી. જેમાં તેને ૨ નોટો ફાડી નાખી હતી અને પોલીસે બે નકલી નોટો કબ્જે કરી હતી અને અન્ય શખ્સ ચંદ્રસિંહ વાઘેલાને ૨૦૦ દરની નકલી ૧૫ નોટો આપેલી હતી જેમાં તેને ૧૪ નોટો ફાડી નાખી હતી અને ૧ નોટ પોલીસે કબ્જે કરી હતી.

આ બનાવમાં સૌ પ્રથમ ઝડપાયેલા અજય ઉર્ફે ઘુઘો પોપટભાઈ બુધેલીયા ઝડપાયો હતો તેની તપાસમાં ડુપ્લીકેટ નોટ અંગેની પૂછપરછ દરમિયાન ચિંતનભાઈ અનિલભાઈ કનોજીયા અમદાવાદ નારોલ વિસ્તારનો રહેવાસી પાસેથી ડુપ્લીકેટ નોટો મેળવી હતી પરંતુ હજુ જે આરોપી હજુ ફરાર છે.

# સોમનાથ ખાતે સ્વાભિમાન પર્વમાં સર્વોત્તમ ડેરીના આયોજન તળે જોડાશે ૩ હજાર લોકો

### આ મહોત્સવમાં દૂધ ઉત્પાદકો, ખેડૂતભાઈઓ અને જાહેર જનતાને જોડાવા ડેરીના સ્થાપક ચેરમેન મહેન્દ્ર પનોતનો અનુરોધ



ભાવનગર,તા.૧૦

સોમનાથ એ માત્ર પથ્થરોથી બનેલું મંદિર નથી પરંતુ ભારતનો અજેય આત્મા છે. સમય ગમે તેટલો ક્રૂર હોય સત્ય અને શ્રધ્ધાનો નાશ અશક્ય છે. કરોડો હિન્દુઓના આસ્થાના કેન્દ્ર સમા સોમનાથમાં પચાસ હજાર શ્રદ્ધાળુઓ અને સૈનિકોના બલિદાન અને શૂન્યમાંથી સર્જન કરેલ ભારત દેશના દ્વાદશ જ્યોર્તિલિંગમાંનું પ્રથમ જ્યોતિલ'ગ સોમનાથ મહાદેવ કે જેને ૧૦૨૬ થી ૨૦૨૬ ના વર્ષમાં એટલે કે ૧૦૦૦ વર્ષ પહેલા મહમદ ગઝનવી નામના વિધર્મીએ આ મંદિર ઉપર લુંટ ચલાવી અને મંદિરનો વિધ્વંસ કર્યો હતો.

અનેકવાર આ મંદિરનો વિનાશ કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૫૧માં ભારતના નાયબ વડાપ્રધાન અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ દ્વારા જીર્ણોદ્ધાર કર્યો આને ૭૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે ત્યારે ગુજરાતના પનોતા પુત્ર અને ભારત દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સોમનાથ ખાતે આવી રહ્યા છે.

આ સ્વાભિમાન પર્વને યાદગાર બનાવવા માટે ભાવનગર જીલ્લાના દૂધ ઉત્પાદકો, ખેડૂતભાઈઓ અને જાહેર જનતાને હાજર રહી આ અદ્ભુત ક્ષણનો વધારેમાં વધારે લાભ લે તેવી સર્વોત્તમ ડેરીના સ્થાપક ચેરમેન મહેન્દ્ર પનોત દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે. આ આયોજનમાં આવનાર લોકો માટે વાહન વ્યવસ્થા અને જમવા માટે ફૂડ પેકેટની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે જેની નોંધ લેવા જણાવાયું છે.

# ફરીયાદકા ગામના જન્મજાત હૃદયરોગથી પીડિત બાળક કુલદીપને નવી જિંદગી મળી

### અમદાવાદની યુ.એન.મેહતા હોસ્પિટલ ખાતે બાળકના હૃદયની સફળ સર્જરી

ભાવનગર,તા.૧૦

રાજ્ય સરકારની રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) યોજના હેઠળ ભાવનગર જિલ્લાના ફરીયાદકા ગામના જન્મજાત હૃદયરોગથી પીડિત બાળક કુલદીપને સમયસર નિદાન, યોગ્ય સેવા અને નિઃશુલ્ક ઉચ્ચ કક્ષાની સારવાર થકી નવી જિંદગી પ્રાપ્ત થઈ છે.

ભાવનગર જિલ્લાના ફરીયાદકા ગામના કુલદીપ રવિભાઇ મકવાણાનો જન્મ તા.૦૬/૦૫/૨૦૨૦ ના રોજ થયો હતો. આ બાળકના માતા-પિતા છૂટક મજૂરી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે, તેમના આખા પરિવારની વાર્ષિક કુલ આવક રૂ. ૬૪,૦૦૦/- છે. રવિભાઇ મકવાણાના પુત્ર કુલદીપને જન્મજાત હૃદયરોગની બીમારી હોવાની જાણ થતાં તા.૩૧/૦૭/૨૦૨૪ના રોજ આર.બી.એસ.કે ટીમે લીધેલી આંગણવાડીની મુલાકાત દરમિયાન થઈ હતી. તેની તપાસ દરમિયાન બાળકને શ્વાસ ચડવો, વધુ પરસેવો થવો તેમજ ચાલવામાં તકલીફ જેવા લક્ષણો જોવા મળ્યા હતા.

આ બાળકની નિયમિત તપાસ અને ફોલોઅપ આર.બી.એસ.કે ટીમ દ્વારા લેવામાં આવ્યું અને પ્રાથમિક તબક્કામાં દવાઓ દ્વારા સારવાર આપવામાં આવી હતી. આર.બી.એસ.કે મેડિકલ ઓફિસર ડૉ. રવિ ગોહિલ, ડૉ. દીપલ દવે તથા તેમની ટીમ દ્વારા આ બાળકને વધુ

આભાર - નિહારીકા રવિયા સારવાર માટે તાત્કાલિક DEIC વિભાગ, સર ટી હોસ્પિટલ ભાવનગર ખાતે રીફર કરવામાં આવ્યો. સર ટી હોસ્પિટલ ખાતે વધુ તપાસ દરમિયાન બાળકના હૃદયમાં કાણું તથા વાલ્વની તકલીફ હોવાનું નિદાન થતાં આગળની સારવાર માટે અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યું હતું. અને તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ યુ.એન.મહેતા હોસ્પિટલ, અમદાવાદ ખાતે બાળક કુલદીપના હૃદયનું ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકની તબિયત સારી રહેતા તા.૨૬/૦૭/૨૦૨૫ના રોજ તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ત્યારબાદ બાળક કુલદીપનું નિયમિત ફોલોઅપ અમદાવાદ ખાતે કરાવવામાં આવતુ હતું. તા. ૨૧/૦૮/૨૦૨૫ના ફોલોઅપ દરમિયાન બાળક કુલદીપ સંપૂર્ણ સ્વસ્થ અને ફિટ હોવાનું તબીબોએ જણાયું છે.

આર.બી.એસ.કે યોજના અંતર્ગત બાળક કુલદીપના રોગની સમયસર ઓળખ, યોગ્ય સેવા, સતત ફોલોઅપ અને નિઃશુલ્ક વિશેષ સારવારનું ઉત્તમ ઉદાહરણ છે, જેના કારણે આર્થિક રીતે નબળા પરિવારના બાળકને સ્વસ્થ જીવન મળ્યું છે અને તેના પરિવારને નવી આશા, અપેક્ષા અને અરમાનો બંધાયા છે.

# ઉત્તરાયણમાં પક્ષીઓની સલામતી હેતુસર ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ મૂકાયો

### ચાઈનીઝ તુક્કલ, લેન્ટર્ન, લોન્ચર, ચાઈનીઝ માંઝા, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન થ્રેડ દોરી વિગેરેના ઉપયોગ પર પ્રતિબંધ

ભાવનગર,તા.૧૦

આગામી સમયમાં આવનાર મકરસંક્રાંતિના તહેવાર દરમ્યાન પતંગ ચગાવવા માટે વાપરવામાં આવતા ચાઈનીઝ માંજાના કારણે પક્ષીઓ દોરીથી ઘાયલ થવાના, મૃત્યુ પામવાના બનાવો બને છે. જે નિવારવા ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન, ચાઈનીઝ લોન્ચર તથા પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાઈનીઝ માંઝા, glass coated nylon thread, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન થ્રેડ દોરી જેવી પ્રતિબંધિત સાધન સામગ્રીના ઉત્પાદન, ઉપયોગ, વેચાણ તથા સંગ્રહ ઉપર પ્રતિબંધ અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ઉત્તરાયણના તહેવારમાં લોકો સાંજના સમયે ફટાકડા ફોડી તહેવારની મજા માણતા હોય છે. ફટાકડાના અવાજથી ડરીને પક્ષીઓ ઉડતા હોય છે. જે પક્ષીઓ માટે પ્રાણઘાતક અને ખતરારૂપ બને છે. જેથી ઉત્તરાયણના આ દિવસોમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવા નાયબ વન સંરક્ષક, ભાવનગર વન વિભાગ ભાવનગરના પત્રથી દરખાસ્ત રજુ થયેલ છે. આથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા શહેર તથા જિલ્લામાં પક્ષીઓની સલામતી અને સુરક્ષા માટે ઉત્તરાયણના તહેવાર દરમ્યાન તા.૧૩ થી તા.૧૫ સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ રહેશે.

# આર.ટી.ઓ. કચેરી દ્વારા સીલ્વર, ગોલ્ડ સીરીઝ નંબરોના ઈ-ઓક્શન માટે અરજીઓ મંગાવાઈ

ભાવનગર,તા.૧૦

આર.ટી.ઓ કચેરી, ભાવનગર દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનો (થ્રી-વ્હીલર સિવાયના વાહનો) માટેની ટ્રાન્સપોર્ટ સીરીઝ "GJ-04-AX 0001 થી ૯૯૯૯", હળવા મોટર વાહન (ફોર વ્હીલર- PVT.LMV CAR) માટેની નોન ટ્રાન્સપોર્ટ સીરીઝ " GJ-04-FA 0001 Úke 9999" , દ્રીચક્રી મોટર વાહન (TWO Wheeler – Pvt. Motro Cycle and Scooter) માટેની નોન ટ્રાન્સપોર્ટ સીરીઝ GJ-04-FC 0001 Úke 9999" ના બાકી બચેલા સિલ્વર અને ગોલ્ડ સિરીજના નંબરોનું ઈ-ઓક્શન હાથ ધરવામાં આવશે. જેમાં તા.૧૫ થી તા.૧૭ જાન્યુઆરી સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. આ પ્રક્રીયામાં તા.૧૭થી તા.૧૯ના સાંજના ૪ વાગ્યા સુધી બિડીંગ કરવાનો સમયગાળો રહેશે.ઓનલાઈન ઓકશનમાં ભાગ લેનારા અરજદારે મુખ્ય કામગીરી નીચે મુજબ કરવાની રહેશે. https://vahan.parivahan.gov.in/fancy/faces/public/login.xhtml પર નોંધણી, યુઝર આઈ-ડી. પાસવર્ડ તૈયાર કરવા હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવો, ચૂકવણું કરવું અને વાહન નંબર મેળવાવો. આ માટેની વિગતવાર સૂચનાઓ https://vahan.parivahan.gov.in/fancy/faces/public/usermanual.xhtml આપેલ છે.

# 'આત્મનિર્ભર હણોલ મહોત્સવ' અંતર્ગત પરંપરાગત ગ્રામીણ ખેલસ્પર્ધાનું આયોજન

### સસ્ટેનેબલ ગામ હણોલના સ્થાપના દિવસ નિમિતે તા. ૧૩ અને ૧૪ જાન્યુઆરીએ વિવિધ રમતો યોજાશે

ભાવનગર,તા.૧૦

ભાવનગર જિલ્લાના હણોલ ગામ ખાતે સસ્ટેનેબલ ગામ હણોલના સ્થાપના દિવસ નિમિતે જિલ્લા રમતગમત અધિકારી તથા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૧૩ અને ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ "આત્મનિર્ભર હણોલ મહોત્સવ" અંતર્ગત પરંપરાગત ગ્રામીણ ખેલસ્પર્ધા–૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ખેલસ્પર્ધાનું આયોજન લોકોમાં રમતગમત પ્રત્યેની રુચિ વધે, સ્વાસ્થ્ય અંગે જાગૃતતા ફેલાય, પ્રતિભાશાળી ખેલાડીઓની શોધ થાય તેમજ રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તે હેતુસર કરવામાં આવ્યું છે. સાથે સાથે ખેલાડીઓ રમતગમત દ્વારા રાજ્ય અને દેશનું નામ રોશન કરે તેવી તક ઉપલબ્ધ થાય તે આશય પણ આ આયોજન પાછળ રહેલો છે.

આ સ્પર્ધામાં અંડર–૧૪, અંડર–૧૭ તથા ઓપન વયજૂથના ભાઈઓ અને બહેનો ભાગ લઈ શકશે. જેમાં ૫૦ મીટર દોડ, ગોળફેંક, લાંબી કૂદ, કોથળા દોડ, લીંબુ–ચમચી, કબડ્ડી, ખો–ખો, રસ્સા ખેંચ, નારગેલ, હેન્ડબોલ તેમજ ગિલ્લી દંડા (માત્ર ભાઈઓ માટે) જેવી પરંપરાગત ગ્રામીણ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તમામ વયજૂથના ભાઈઓ માટે સ્પર્ધા તા.૧૩ના રોજ અને તમામ વયજૂથની બહેનો માટે સ્પર્ધા તા.૧૪/૦૧/૨૦૨૬ના રોજ યોજાશે. સ્પર્ધા માટે રિપોર્ટિંગ સમય સવારે ૮ કલાક રહેશે.

તમામ રમતો માટે એન્ટ્રી ફોર્મ તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ સાંજે ૬ કલાક સુધીમાં ભરવાની રહેશે. ભાવનગર ગ્રામ્ય વિસ્તાર માટે એન્ટ્રી માટે વી.એમ. જાળેલા (મો. ૯૮૨૫૫૫૭૨૬૫), સુદર્શન મેસરે (મો. ૯૯૨૮૨૩૦૬૭૮) તથા વત્સલ વાઘેલા (મો. ૯૬૮૭૧૧૮૪૩૦) નો સંપર્ક કરવાનો રહેશે. જયારે ભાવનગર શહેરી વિસ્તારની એન્ટ્રી માટે યસભાઈ ચાવડા (મો. ૮૪૬૦૧૬૩૨૪૮) તથા અમનભાઈ ડેરૈયા (મો. ૯૪૯૯૫૬૦૧૬૦) ના નંબર પર વ્હોટ્સએપ દ્વારા એન્ટ્રી મોકલવાની રહેશે.

# સર ટી. હોસ્પિટલના ડીઈઆઈસી સ્ટોલને હેલ્થ એક્સ્પોમાં મળ્યો ઉત્તમ પ્રતિસાદ

### ડીન ચિન્મય શાહ તથા ડી.ઈ.આઈ.સી.ના નોડલ ઓફિસર ડૉ. મેહુલ ગોસાઈના માર્ગદર્શન તળે સ્ટોલ દ્વારા માહિતી અપાઈ




ભાવનગર,તા.૧૦

ભાવનગર ખાતે ભાવનગર–બોટાદ ડિસ્ટ્રિક્ટ કેમિસ્ટ એસોસિયેશન દ્વારા હેલ્થ એક્સ્પોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ હેલ્થ એક્સ્પોમાં ડીન ચિન્મય શાહ (જી.એમ.સી.બી.), તબીબી અધિક્ષક સર ટી હોસ્પિટલ તથા ડી.ઈ.આઈ.સી.ના નોડલ ઓફિસર ડૉ. મેહુલ ગોસાઈના માર્ગદર્શન હેઠળ સર ટી હોસ્પિટલ, ભાવનગરની ડી.ઈ.આઈ.સી. ટીમ દ્વારા સ્ટોલ મૂકવામાં આવ્યો હતો. સ્ટોલમાં પીડિયાટ્રિશન ડૉ. કાજલબેન પુરોહિત, મેડિકલ ઓફિસર ડૉ. છાયાબેન પાનસુરીયા સહિતની ટીમ હાજર રહી હતી.

એક્સ્પો દરમિયાન બહોળી સંખ્યામાં સામાન્ય નાગરિકો, વિવિધ તબીબી એસોસિયેશનોના પ્રતિનિધિઓ તેમજ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ ડી.ઈ.આઈ.સી. સ્ટોલની મુલાકાત લીધી હતી. સ્ટોલ પર બાળકોના આરોગ્ય સંબંધિત આપવામાં આવતી સેવાઓ, તપાસની પ્રક્રિયા અને સારવાર અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

ડી.ઈ.આઈ.સી. દ્વારા આપવામાં આવતી સેવાઓ અંગે લોકોમાં સારી જાગૃતિ ફેલાઈ હતી અને સ્ટોલને જનતા તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો હતો.

# સયુંકત રાષ્ટ્ર સંઘના આજના પ્રશ્નોનો ઉકેલ આપણી લોકશાળાએ ગઈકાલે આપેલ છે : જયેન્દ્રસિંહ જાદવ

### આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા વાર્ષિકોત્સવમાં શિક્ષણવિદ્દનું ઉદબોધન



તસવીર : મુકેશ પંડીત

ઈશ્વરિયા ,તા.૧૦

સંયુક્ત રાષ્ટ્ર સંઘના આજના વૈશ્વિક પ્રશ્નોનો ઉકેલ આપણી લોકશાળાએ ગઈકાલે આપેલ છે, તેમ આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા વાર્ષિકોત્સવમાં શિક્ષણવિદ્ જયેન્દ્રસિંહ જાદવનું ઉદ્બોધન રહ્યું.

ગોહિલવાડનાં ગૌરવરૂપ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા તથા મણારનો સંયુક્ત વાર્ષિકોત્સવ લેખક અને શિક્ષણવિદ્ શ્રી જયેન્દ્રસિંહ જાદવની ઉપસ્થિતિ સાથે યોજાઈ ગયો. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

આંબલામાં આ વાર્ષિકોત્સવ પ્રસંગે જયેન્દ્રસિંહ જાદવનું ઉદ્બોધન રહ્યું કે, આપણે ત્યાં શિક્ષિત થવાની ટકાવારી વધી ગઈ, પરંતુ મૂલ્યોની ટકાવારી ઘટી રહી છે, આ માટે શ્રી મનુદાદા (પંચોળી) દ્વારા શાંતિ અને સંસ્કારના શિક્ષણની વાત કરી કેળવણીનો આગ્રહ રાખેલો. શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી હરભાઈ ત્રિવેદી તથા શ્રી ગિજુભાઈ બધેકાનો સ્મરણ ઉલ્લેખ કરી આપણી સંસ્થાઓ એ ગુજરાત માટે ઉપકાર કર્યાનું જણાવી પોતે ગાંધીનગરથી અહીયા કશુંક આપવા નહી, પામવા આવ્યાનું ભારપૂર્વક જણાવ્યું. સંયુક્ત રાષ્ટ્ર સંઘના આજના વૈશ્વિક પ્રશ્નોનો ઉકેલ આપણા દાદાઓ દ્વારા આપણી લોકશાળાએ ગઈકાલે આપેલ છે, હવે તે વાત દુનિયામાં નવી લાગી રહેલ છે.

શ્લોક એ શાસ્ત્રમાં મહત્વના તેમ લોક એટલે સમાજમાં આચરણ વધુ મહત્વનું અને અનિવાર્ય છે, જે આપણે કરી શક્યા છીએ. તેઓએ શિષ્ટાચાર કરતાં સદાચાર વધુ મહત્વના હોવાની ટકોર કરી. તેમણે માતૃભાષા સાથે સતત શિક્ષણ દ્વારા થતાં લોકશિક્ષણનો ઉલ્લેખ કર્યો.

સંસ્થાના વડા લોક વૈજ્ઞાનિક અરુણભાઈ દવેએ આવકાર સાથે પરિચય આપતાં જયેન્દ્રસિંહ જાદવની ઉચ્ચ અધિકારી છતાં સાદગી અને વિચારોની રહેલી સ્પષ્ટતાનો અહોભાવ જણાવ્યો. ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા ૮૭ વર્ષથી મૂલ્ય સાથે ટકી રહ્યાનો અને તેમાં સત્વશીલ કાર્યકર્તાઓ મથતાં રહ્યાં તેનો હૃદયથી રાજીપો વ્યક્ત કર્યો. ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા તથા મણારનાં વાર્ષિક પ્રવૃત્તિ અહેવાલોની પ્રસ્તુતિ આચાર્યો વાઘજીભાઈ કરમટિયા અને ડાયાભાઈ ડાંગર દ્વારા પ્રસ્તુત થઈ. આ અહેવાલમાં શૈક્ષણિક અને સામાજિક એવી અઢળક ઉપલબ્ધિઓનો સહર્ષ ઉલ્લેખ રહ્યો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત





Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions






# કચ્છ અને સૌરાષ્ટ્ર

## 11 અને 12 જાન્યુઆરી, 2026

## ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

### કેન્દ્રિત ક્ષેત્રો

- સિરામિક્સ
- MSMEs
- એન્જિનિયરિંગ
- સ્ટાર્ટઅપ્સ
- મિનરલ્સ
- પેટ્રોકેમિકલ્સ
- મત્સ્યોદ્યોગ
- ટેક્સ્ટાઇલ
- પૉર્ટ્સ અને લોજિસ્ટિક્સ
- કૌશલ્ય વિકાસ
- પ્રવાસન અને સંસ્કૃતિ
- કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
- ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ
- મશીનરી અને ઇક્વિપમેન્ટ
- બ્લૂ ઇકોનોમી

### કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદઘાટન સમારોહ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- પેનલ ચર્ચાઓ
- સીઈઓ રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- સ્ટાર્ટઅપ સન્માન સમારોહ
- B2B / B2G મીટિંગ્સ
- વિશેષ પ્રવાસ
- ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- પ્રાદેશિક MSME કૉન્કલેવ
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- ટ્રેડ શો/પ્રદર્શન
- રિવર્સ બાયર-સેલર મીટિંગ
- ઉદ્યમી મેળો
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- સાંસ્કૃતિક કાર્યક્રમ
- સમાપન સત્ર

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન

11 થી 15 જાન્યુઆરી, 2026 | સવારે 10:00 થી સાંજે 5:30 વાગ્યા સુધી

ભવ્ય ઉદઘાટન
માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્ર મોદી**ના
વરદ્હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

11 જાન્યુઆરી, 2026, રવિવાર | 12:30 વાગે | મારવાડી યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત

"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ભાગીદાર દેશ: Japan, Rwanda, South Korea, Ukraine

લાઇવ પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat

ભાગીદાર સંસ્થાઓ: icbc Indo Canadian Business Chamber, JETRO, US-INDIA, U.S.-India Business Council, THE WORLD BANK, ACMA, IACC Indo-American Chamber of Commerce, UIBC, kotra Korea Trade-Investment Promotion Agency, FEBI, AMCHAM India

વેબસાઇટ પર પહોંચવા માટે સ્કેન કરો
લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

# કેટરિના અને વિકી કૌશલે દિકરાનું નામ જાહેર કર્યું



## ૨૦૧૯માં આવેલી વિકી કૌશલની ફિલ્મ ઉરી ધ સર્જિકલ સ્ટ્રાઈકમાં તેનું નામ વિહાન હતું

મુંબઈ,

સપ્ટેમ્બર ૨૦૨૫માં એક્ટર વિકી કૌશલ અને કેટરિના કૈફે જાહેર કર્યું હતું કે તેમને ત્યાં પહેલું બાળક આવવાનું છે. આ સારા સમાચાર સાથે તેમણે એક પોલરોઈડ ફોટો પણ શેર કર્યો હતો, સાથે વિકી કેટરિનાના બૅબી બમ્પ સાથે પોઝ આપતો પણ દેખાયો હતો. ત્યાર પછી ૭ નવેમ્બરે તેમનાં પહેલાં બાળકનો જન્મ થયો હતો. તેમને ત્યાં દિકરાનો જન્મ થયો હતો, જેનું નામ આ દંપતિએ બુધવારે જાહેર કર્યું હતું. તેમનો દિકરો બે મહિનાનો થતાં વિકી અને કેટરિનાએ સોશિયલ મીડિયા પોસ્ટથી દિકરાનું નામ જાહેર કરીને તેનો દુનિયાને પરિચય આપ્યો છે. તેમણે બાળકનું નામ વિહાન પાડ્યું છે અને આ નામનો વિકીની ફિલ્મ ઉરી સાથે પણ સંબંધ છે.વિકી કૌશલ અને કેટરિના કૈફે તેમના પહેલાં દિકરાનું નામ વિહાન કૌશલ પાડ્યું છે. તેમણે પોતાના દિકરાનો પરિચય આપતા સોશિયલ મીડિયા પર લખ્યું, "અમારા પ્રકાશનું કિરણ વિહાન કૌશલ. પ્રાર્થનાઓનો જવાબ મળી ગયો છે. જીવન સુંદર છે. અમારું જીવન અચાનક બદલાઈ ગયું છે. અમારી પાસે આભાર વ્યક્ત કરવા શબ્દ નથી."૨૦૧૯માં આવેલી વિકી કૌશલની ફિલ્મ ઉરી:ધ સર્જિકલ સ્ટ્રાઈકમાં તેનું નામ વિહાન હતું- બહાદુર મેજર વિહાન સિંઘ શેરગિલ. આ કેટલું પર્ફેક્ટ છે. આ પોસ્ટમાં વિકી અને કેટરિનાએ તેમના દિકરાનો ચહેરો જાહેર કર્યો નથી. પરંતુ તેમણે તેમના ફેમિલી હાથનો એક ફોટો શેર કર્યો છે, જેમાં કેટરિના અને વિકીના હાથમાં વિહાનનો હાથ દેખાય છે. તેમની આ પોસ્ટ પર રિતિક રોશન, પરિનીતિ ચોપરા સહિત ઘણા સેલેબ્ઝે કમેન્ટ્સ કરી હતી. તેમજ તેમના ફૅન્સે પણ શુભેચ્છાઓ આપીને ખુશી વ્યક્ત કરી હતી.

# યશની ટોક્સિકનું ટીઝર લોંચ: ડેડી ઈઝ હોમ




મુંબઈ,

લાંબા સમયથી યશની ટોક્સિકની ચર્ચા છે અને તેની એક્ટ્રેસીસ અને યશના લૂક એક પછી એક લોંચ થઈ રહ્યાં છે, તેથી ફિલ્મ અંગેનો ઉત્સાહ દિવસેને દિવસે વધી રહ્યો છે. હવે તેનું ટીઝર લોંચ કરવામાં આવ્યું છે અને યશના ફૅન્સને તેની ક્રુર અંધારી આલમની ઝલક જોવા મળી છે. તેની કારની અંદરની ક્ષણો કે પછી સિગાર ફુંકતા તેના સીન અને એક ગન ખભ્ભા પર અદાથી લઈને તેને ચાલતો દર્શાવીને તેની અંધારી, હિંસક દુનિયાનો પરિચય આપીને જાહેર કરાયું છે, 'ડેડી ઈઝ હોમ'.ગુરુવારે આ ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે, તેનાથી ગીતુ મોહનદાસે ડિરેક્ટ કરેલી એ ફિલ્મમાં યશના પાત્રની પહેલી ઝલક મળે છે. મેકર્સ દ્વારા સોશિયલ મીડિયા પર આ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો. તેની કૅપ્શનમાં લખાયું હતું, 'તમારા જોખમે સારો લૂક મેળવો – રાયા આવે છે..'વીડિયોની શરૂઆત એક અંતિમક્રિયાના દૃશ્ય સાથે થાય છે, તેના પછી એક પરિવાર ઉતાવળમાં સ્મશાનમાંથી ભાગતો દેખાય છે, ત્યાં આ સ્થળ પર એક ગાડી આવી પહોંચે છે. તેની અંદર યશ કોઈની સાથે અંગત પળો માણતો દેખાય છે. તે બહાર ઉતરે છે અને જાહેર થાય છે કે તે રાયા છે, ખુલ્લા શરીરે બહાર આવે છે અને પછી કાળો ઓવરકોટ ચડાવે છે. સિગારનાં ધુમાડામાંથી તેનો ચહેરો બહાર આવતો દેખાય છે. તે પછી તે ગનથી ફાયરિંગ શરૂ કરી દે છે અને અંતિમ વિધિ કરતા પરિવારને નિશાન બનાવે છે.

# યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્મા તેમના છૂટાછેડા પછી પહેલી વાર સાથે જોવા મળશે?



મુંબઈ,

ધનશ્રી વર્મા અને યુઝવેન્દ્ર ચહલ તેમના છૂટાછેડા પછી પહેલી વાર ફરી સાથે જોવા મળી શકે છે. સિયાસતના એક અહેવાલ મુજબ, ભૂતપૂર્વ દંપતીને આગામી રિયાલિટી શો "ધ ૫૦" માટે સંપર્ક કરવામાં આવ્યો છે. ધનશ્રી કે યુઝવેન્દ્ર શોમાં ભાગ લેવા માટે સંમત થયા છે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી, પરંતુ અહેવાલો સૂચવે છે કે તેઓ શોની ટીમ સાથે વાતચીત કરી રહ્યા છે. સત્તાવાર પુષ્ટિની રાહ જોવાઈ રહી છે. બિગ બોસની જેમ, 'ધ ૫૦' જિયો હોટસ્ટાર અને કલર્સ ટીવી પર ઉપલબ્ધ થશે, જેનાથી દર્શકોને તેને જોવાનું સરળ બનશે. જોકે, આ શોનો હેતુ ભારતીય પ્રેક્ષકોએ પહેલાં જોયેલા કોઈપણ ફોર્મેટથી અલગ ફોર્મેટ સાથે પોતાને અલગ પાડવાનો છે. એક બોલ્ડ કોન્સેપ્ટ પર આધારિત, આ શોમાં ૫૦ સ્પર્ધકો એક ભવ્ય મહેલમાં સાથે રહે છે, જે કોઈપણ નિયમો વિના, અરાજકતા અને અનિશ્ચિતતાથી ભરેલા છે. અહેવાલો અનુસાર, હાલમાં શો માટે સેલિબ્રિટીઝ, સોશિયલ મીડિયા પ્રભાવકો અને ભૂતપૂર્વ બિગ બોસ સ્પર્ધકોનું મિશ્રણ ધ્યાનમાં લેવામાં આવી રહ્યું છે.ધ ૫૦ એ લોકપ્રિય ફ્રેન્ચ શ્રેણી, 'લેસ સિંક્વેન્ટેસ' નું ભારતીય સંસ્કરણ છે. આ ફોર્મેટથી પ્રેરિત થઈને, ૨૦૨૩ માં ટેલિમુન્ડો પર લોસ ૫૦ નામનું અમેરિકન રૂપાંતરણ પ્રસારિત થયું.

# પ્રિયંકાની પાઈરેટ એડવેન્ચર ફિલ્મનું ટીઝર લોંચ થયું



મુંબઈ,

પ્રિયંકા ચોપરા ફ્રેન્ક ઈવાન ફલાવર્સ જુનિયર સાથે પાઈરેટ એડવેન્ચર ફિલ્મ 'ધ બ્લફ' પર કામ કરી રહી છે. આ ફિલ્મ ફેબ્રુઆરીમાં એમેઝોન પ્રાઈમ વીડિયો પર રિલીઝ થઈ રહી છે. તેનો ફર્સ્ટ લૂક જાહેર કરવામાં આવ્યો હતો, પ્રિયંકાએ પણ આ ફિલ્મના કેટલાક સીન માટે ખાસ મહેનત કરી તે અંગે પણ વાત કરી હતી. આ ફિલ્મમાં પ્રિયંકા એર્સેલ બોડનનો રોલ કરી રહી છે, જે એક સમુદ્રી લૂંટારાના રોલમાં છેય બ્લફમાં તેની સાથે કાર્લ અર્બન પણ છે. આ ફિલ્મ ૨૫ ફેબ્રુઆરીએ રિલીઝ થશે. આ ફિલ્મમાંથી પ્રિયંકા અને કાર્લના લૂક જાહેર કર્યા છે, જે ખુંખાર લાગે છે. આ ફિલ્મમાં ૧૮૦૦ની વાત છે, જે એર્સેલ પર આધારીત છે, જે વર્ષો પહેલાં પોતાનાં કબીલામાંથી ભાગી ગઈ છે, તેથી જુના કબીલાનાં લોકો તેના પર હુમલો કરે છે. તે વખતે તે બ્લડી મેરી નામથી ઓળખાતી હતી, જે હવે માતા બની ચુકી છે અને કેમેન્સના ટાપુઓ પર શાંતિથી જીવે છે. એક ઈન્ટરવ્યુમાં પ્રિયંકાએ આ પાત્ર માટેની તૈયારી વિશે વાત કરી હતી. પ્રિયંકાએ કહ્યું હતું, "મને આ પહેલાં મહિલા સમુદ્રી ચાંચિયાઓ વિશે કંઈ જ ખબર નહોતી. મને એ પણ ખબર નહોતી કે આવું કોઈ ચલણ પણ હતું અને ચાંચિયાગિરી માત્ર ડિઝનીની કાલ્પનિક દુનિયામાં નહોતી ત્યારે મહિલાઓ તેની આગેવાની પણ લેતી હતી. એ ડરામણું, ખુંખાર અને ક્રુર હતું.

# "મા ઈન્તી બંગારમ"ના ફર્સ્ટ લૂક સાથે સામંથા રૂથ ફરીવાર એક્શનમાં



## અભિનય ઉપરાંત, સામંથા નિર્માતાની ભૂમિકા પણ ભજવી રહી છે

મુંબઈ,

સામંથા રૂથ પ્રભુની નવી ફિલ્મ મા ઈન્તી બંગારમનું પોસ્ટર રિલીઝ થયું છે, જેમાં તેણી પહેલી વાર પતિ રાજ નિદિમોરુ સાથે વ્યાવસાયિક રીતે ફરી જોડાઈ રહી છે. સમંથા રૂથ પ્રભુ તેના વ્યાવસાયિક અને અંગત જીવનમાં નવી ઊંચાઈઓ પર પહોંચ્યા પછી ફરી એકવાર એક્શનમાં આવી છે. ૨૦૨૫ની ફિલ્મ "શુભમ" થી નિર્માતા તરીકે ડેબ્યુ કર્યા પછી, તેણીએ "ધ ફેમિલી મેન ૨" અને "સિટાડેલ: હની બની" જેવા શોના નિર્માતા રાજ નિદિમોરુ સાથે લગ્ન કર્યા. હમણાં તેણે પોતાની આગામી ફિલ્મ "મા ઈન્તી બંગારમ" નો ફર્સ્ટ લુક રિલીઝ કર્યો, જે રાજ નિદિમોરુ દ્વારા નિર્મિત છે."મા ઈન્તી બંગારમ" માં અભિનય ઉપરાંત, સામંથા "મા ઈન્તી બંગારમ" માં નિર્માતાની ભૂમિકા પણ ભજવી રહી છે. સાથે ગુલશન દેવૈયા અને દિગંત પણ મુખ્ય ભૂમિકાઓમાં છે, અને તે "ઓહ! આ તેમની પાછલી ફિલ્મ "બેબી" ની સફળતા પછી દિગ્દર્શક નંદિની રેડ્ડી સાથેના તેમના પુનઃમિલનની રીમેક છે. સમન્થાના પતિ અને ફિલ્મ નિર્માતા રાજ નિદિમોરુ આ ફિલ્મ પાછળની સર્જનાત્મક શક્તિ છે. આ દંપતીએ તાજેતરમાં કોઈમ્બતુરના ઈશા ફાઉન્ડેશન ખાતે એક ખાનગી સમારોહમાં લગ્ન કર્યા હતાં.સમન્થાએ પ્રોજેક્ટના હેતુ અને ઈરાદાઓ વિશે તાજેતરમાં કહ્યું હતું કે "અમે એવી સ્ટોરીઝ માટે એક જગ્યા બનાવી રહ્યા છીએ જે તમને સ્પર્શે છે. એટલું જ નહીં, ક્રેડિટ્સ રોલ થયા પછી પણ તમારી સાથે લાંબા સમય સુધી રહે છે. પ્રેમ, પોતાનુંપણું અને રોજિંદા મૂલ્યોની સાથે આપણને એક સાથે બાંધતી હોવાની માન્યતા સાથે 'મા ઈન્તી બંગારામ' નું નિર્માણ થયું છે." સામન્થાએ કહ્યું. અભિનયથી નિર્માણ તરફના તેના નવા તેના સાહસ માટે સામન્થાએ જણાવે છે કે "અભિનેત્રી બન્યા પછી નિર્માતા બનવાની મારી સફર નવું શીખવાની રહી છે. સામંથા રૂથ પ્રભુ અને રાજ નિદિમોરુના ડેટિંગની અફવાઓ છેલ્લા કેટલાક સમયથી ફેલાઈ રહી હતી. ગયા સોમવારે સવારે કોઈમ્બતુરમાં ઈશા યોગ કેન્દ્રની અંદર લિંગ ભૈરવી દેવી મંદિરમાં પવિત્ર ભૂત શુદ્ધિ સમારોહમાં બંને લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. લગ્ન સમારોહ ભૂત શુદ્ધિ વિવાહની શાશ્વત યોગિક પરંપરા અનુસાર યોજાયો હતો, જે એક અનોખી પવિત્રતા પ્રક્રિયા છે જે વિચાર, ભાવના અથવા શારીરિકતાની બહાર ભાગીદારો વચ્ચે ઊંડા મૂળભૂત બંધન બનાવવા માટે રચાયેલી છે. ભૂત શુદ્ધિ વિવાહ, જે લિંગ ભૈરવી મંદિરો અથવા પસંદગીના સ્થળોએ કરવામાં આવે છે, તે દંપતીની અંદરનાં પાંચ તત્વો અને તેમના જોડાણને શુદ્ધ કરે છે, અને તેમના લગ્નમાં સુમેળ, સમૃદ્ધિ અને આધ્યાત્મિક સુમેળ માટે દેવીની કૃપાને આહ્વાન કરે છે.

# તારા સુતારિયાએ વીર પહાડિયા સાથેના પોતાના સંબંધોને સત્તાવાર બનાવ્યા બાદ હવે બ્રેકઅપ



મુંબઈ,

વિરલ ભાયાણીના અહેવાલ મુજબ, બોલિવૂડના પ્રખ્યાત યુગલ તારા સુતારિયા અને વીર પહાડિયાનું બ્રેકઅપ થઈ ગયું છે. આ ચોંકાવનારા સમાચાર ગાયક એપી ધિલ્લોનના કોન્સર્ટને લગતા વિવાદ પછી આવ્યા છે, જેણે બધાને ચોંકાવી દીધા છે. અહેવાલો અનુસાર, તારા અને વીરે કોઈપણ સંઘર્ષ વિના શાંતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે. આ કપલના અલગ થવાનું કારણ હજુ સુધી જાહેર થયું નથી, પરંતુ ચાહકો મિશ્ર પ્રતિક્રિયાઓ અને મંતવ્યો વ્યક્ત કરી રહ્યા છે.

તાજેતરમાં, મુંબઈમાં એપી ધિલ્લોનનો કોન્સર્ટ ખૂબ જ સફળ રહ્યો હતો, અને તારા સ્ટેજ પર જોવા મળી હતી. ગાયક સાથેની તેની કેમિસ્ટ્રીએ દર્શકોને આશ્ચર્યચકિત કર્યા હતા. જોકે, સોશિયલ મીડિયા પર એક ક્લિપ વાયરલ થઈ હતી જેમાં વીર પહાડિયા ગુસ્સે ભરાયેલા દેખાય છે. આ પછી, ઓરીએ અનએડિટેડ વીડિયો શેર કર્યો, જેનાથી આ કપલ ફરીથી ચર્ચામાં આવ્યું. તારા અને એપી ધિલ્લોન વચ્ચેના એક રોમેન્ટિક ક્ષણે વીરને આઘાતમાં મૂકી દીધો. આ સ્થિતિમાં, બધાએ અભિનેતા વીરને ટેકો આપ્યો અને અભિનેત્રી તારાને ભારે ટ્રોલ કરી. હવે, તેમના અલગ થવાની અફવાઓ ઝડપથી ફેલાઈ રહી છે.

વીર પહાડિયાએ ઓરી દ્વારા ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલા વિડીયોને ફરીથી શેર કર્યો, જેમાં લખ્યું, "સત્ય હંમેશા જીતે છે." બોલિવૂડ અભિનેત્રી તારા સુતારિયાએ પણ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી, જેમાં પેઈડ પીઆર, એડિટેડ વીડિયો અને વીરને નિશાન બનાવતા ખોટા પ્રચારને સંબોધિત કરવામાં આવ્યો, જેમાં કહ્યું કે આ બધું જૂઠાણું હતું. તેમની પ્રતિક્રિયાઓથી સ્પષ્ટ થયું કે તેઓ એકબીજાથી ગુસ્સે નહોતા.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ળો | ળો | મ | ર | ક | પ્ર | પ્ર | બ | ક | સ | બ | પ્રા |
| તુ | ડો | શિ | ણ | તુ | ધ | મા | ધ | રા | સા | ક | મા |
| ર | કા | ધ | ભ | લ | દ | દ | ભો | ણ | બ | ર | ણિ |
| કા | ઊ | તી | ણિ | પ્ર | ર | ર | મ | દા | અ | ર | ક |
| ઐ | મા | ડી | ર | કા | લ | હિ | ભા | કી | જ્ઞા | અ | બા |
| મા | ર | ણ | મ | ક | મા | બા | શ | ક | પ્ર | બા | બ |
| આ | ઉ | ધ | દ | આ | દ | ર | હિ | મો | મ | ન | પ્ર |
| બા | ઑ | ર | ઈ | બા | ણે | ળો | દ | આ | ભા | પ્રા | મા |
| તી | પ્ર | ક્ષ | કી | ધ | ર | ક | કા | તી | મ | ગી | ત |
| પ્ર | ખ | સા | બ | ન | ધ | મા | ગ | દ | લ | ળ | ળ |
| ફ | ર | જ | દ | ત | બ | ળ | શ | કા | ડી | જ | કુ |
| ઓ | ર | બિ | કા | બા | કા | ભ | મ | રો | ન | ર | અ |

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા


सत्यमेव जयते
ગુજરાત સરકાર
સોમનાથ સ્વાભિમાન પર્વ
अटूट आस्था के
1000 वर्ष
"વર્ષ 1026 ના એક હજાર વર્ષ પછી આજે 2026 માં પણ સોમનાથ મંદિર દુનિયાને સંદેશ આપી રહ્યું છે કે,
મિટાવી દેવાની માનસિકતા ધરાવનારાઓ ખતમ થઈ જાય છે, જ્યારે સોમનાથ મંદિર
આજે આપણા વિશ્વાસનો મજબૂત આધાર બનીને અડીખમ ઊભું છે."
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી
11મી જાન્યુઆરીના વિશેષ કાર્યક્રમ
સવારે 10 વાગે, સોમનાથ મંદિર માટે અગણિત વીરોના અદમ્ય શૌર્ય અને બલિદાનની
સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રા
સવારે 10:30 વાગે, શૌર્ય સભામાં વડાપ્રધાનશ્રીનું વિશેષ સંબોધન
મહાભિષેક | મહાઆરતી
સવારે 10 વાગે ડીડી ન્યૂઝ ઉપર જીવંત પ્રસારણ

**તત્કાલીન મુખ્યમંત્રી મોદીના કાર્યકાળમાં વિચારાયેલી યોજના મુર્તિમંત્ર થાય તો ભરપૂર વિકાસની તક**

# ભાવનગરના દરિયાકાંઠે શિપ બિલ્ડીંગ પાર્ક સ્થાપવાની યોજનાને પુનઃ જીવિત કરો : ધારાસભ્ય સેજલબેન પંડયા

**જુનાબંદરથી નવાબંદર સુધીની ચેનલનો ઉપયોગ કરી બંદરના વિકાસ માટે બજેટમાં જોગવાઈ કરવા મુખ્યમંત્રીને પત્ર લખી રજુઆત**

ભાવનગર,તા.૧૦

ભાવનગર પૂર્વ વિધાનસભા મત વિસ્તારમાં જુના બંદર અને નવા બંદર બન્ને આવે છે. જુના બંદરથી નવા બંદર સુધીનો સમુદ્ર કાંઠો વ્યુહાત્મક રીતે પણ ખુબ જ અગત્યનો છે, છતાંય આ કાંઠો રેઢો પડ્યો છે અને અનેક દુષણો અહી પાંગર્યા છે.આગામી દિવસોમાં બજેટ તૈયાર થઇ રહ્યું છે, ત્યારે ભાવનગરનાં વિકાસને લાગે વળગે છે ત્યાં સુધી બંદરનો વિકાસ એ ભાવનગર માટે ચાવી રૂપ છે. ભાવનગરનાં દરિયા કાંઠે વિકાસની તકોને મૂર્તિમંત કરવા જુના બંદરથી નવા બંદર સુધીની ચેનલનો ઉપયોગ કરી ઘટિત કાર્યવાહી કરવા અને બજેટમાં તેનો સમાવેશ કરવા ધારાસભ્ય સેજલબેન પંડ્યાએ મુખ્યમંત્રીને પત્ર લખી રજુઆત કરી છે.

ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી હતા ત્યારે આ કાંઠે શીપ બિલ્ડીંગ પાર્ક કરવાનું આયોજન થયેલ, પરંતુ કોઈ અકળ કારણો સબબ પછીથી આ કામ થયેલ નહિ. સત્વરે આ બાબતને હાથ પર લઈ આ જુના બંદર થી નવા બંદર સુધીનાં ૯ હ્વદ્ધ જેટલા સમુદ્ર કાંઠા પર "શીપ બિલ્ડીંગ પાર્ક" બનાવવાની યોજના પુનર્જીવિત કરી આગળ ધપાવવા વિનંતી કરાઈ છે.

ગ્લોબલ શીપ રીપેર ફેસીલીટીની ખુબ જરૂરીયાત છે અને સમયની માંગ પણ છે, જો આ ચેનલને ઉંડી કરવામાં આવે તો ૫ મીટર ડ્રાફ્ટ સુધીના જહાજો બનાવી શકાય, તથા જહાજોનું રીપેરીંગ પણ કરી શકાય. આ પ્રકાર નું "ડ્રાય ડોક" ગુજરાતમાં હોય તેવું અમારી જાણમાં નથી. જો આ ડ્રાય સમુદ્ર કાંઠા પર "ડ્રાય ડોક" તરિકેની ફેસીલીટી ઉભી કરવામાં આવે તો બહારથી કંપનીઓ આવી ઈન્વેસ્ટમેન્ટ પણ કરે તેવી પ્રચુર માત્રામાં શક્યતાઓ છે.

ભાવનગરમાં આલ્કોક એશ ડાઉન એક સમયે સુંદર રીતે જહાજ બનાવતું હતું અને "ડ્રાય ડોક" ની તમામ ફેસીલીટી તેમાં હતી. તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ મોજુદ છે તેને પુનઃ કાર્યાન્વિત કરવાની અમને જરૂર જણાય છે.આ બાબતોને ધ્યાને લઈ ગુજરાત સરકારનાં બજેટમાં જરૂરી સમાવેશ કરવા વિનંતી કરાઈ છે.

# મહુવા નજીક કારની અડફટે વૃદ્ધાનુ મોત થતા મૃતદેહને હોટેલના દરવાજે બિનવારસી મૂકી દેવાયો

**અકસ્માત સર્જનાર કાર ચાલક સહિત ત્રણ સામે મહુવા ગ્રામ્ય પોલીસ મથકમાં ગુનો નોંધાયો**

ભાવનગર,તા.૧૦

રાજુલા તાલુકાના મજાદર ગામના ગેટ સામે આવેલી હોટલની ખડકી આગળથી વૃદ્ધાનો મૃતદેહ મળી આવ્યો હતો. જેની પોલીસ તપાસમાં વૃદ્ધાનું અકસ્માતમાં મોત નિપજ્યું હતું અને તેની સાથેના બે શખ્સોએ એમ્બ્યુલન્સ કે પોલીસને જાણ કર્યા વિના લાશને મજાદર ગામના ગેટ સામે આવેલી હોટલની ખડકીમાં મુકીના ભાગી ગયા હોવાનું ખુલતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજુલા તાલુકાના મજાદર ગામના ગેટ સામે આવેલી હોટલની ખડકી આગળથી ગત તા.૨૨-૧૨ના રોજ મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે ડુંગર પાર્વતીબેન (ઉ.વ.૬૦) નામના વૃદ્ધાનો તા. ૨૧-૧૨ના રાત્રિના કનુ ભીખાભાઈ પોલીસ મથકમાં અકસ્માતે મોતની નોંધ કરી પોલીસ તપાસ હાથ ધરતા મરણજનાર પાર્વતીબેન જેરામભાઈ સોલંકી ગત સરવૈયા (રહે.વાંગર)ની બાઈકમાં બેસી વાંગર ગામે કનુભાઈના ઘર તરફ જઈ રહ્યાં હતા ત્યારે વાંગર ગામે પાણીના ટાંકા પાસે અજાણી કારના ચાલકે તેમની બાઈકને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. જેમાં વૃદ્ધાનું મોત નિપજ્યું હતું. જે બાદ કનુભાઈએ બાબુ અરજણભાઈ શિયાળ (રહે.વિસળીયા)ને બોલાવી બંન્નેએ વૃદ્ધાને હોસ્પિટલ નહી લઈ જઈ પોલીસને જાણ કર્યા વિના તેના મૃતદેહને મજાદર ગામે આવેલી હોટલની ખડકી પાસે ફેંકી દીધી હોવાનું ખુલ્યું હતું. આ મામલે દશરથભાઈ જેરામભાઈ સોલંકીએ મહુવા ગ્રામ્ય પોલીસ મથકમાં અજાણી કારના ચાલક, કનુ ભીખાભાઈ સરવૈયા અને બાબુ અરજણભાઈ શિયાળ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરને ઘર આંગણે કારમો પરાજય આપી સુરતની ટીમ ફાઈનલ વિજેતા

**આંતર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટમાં સુરતનો દબદબોઃ ફાઈનલમાં સુરતની કમિશનર અને મેયર ઈલેવન વિજેતા, ભાવનગર મેયર અને રાજકોટ કમિશનર ઈલેવન રનર-અપ**

ભાવનગર,તા.૧૦

ભાવનગર ખાતે આંતર-મહાનગરપાલિકા ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ શુક્રવારે બપોર બાદ ભરૂચા કલબ ખાતે યોજાઇ હતી, જેમાં પ્રથમ કમિશનર ઈલેવન સુરતની મેચ રાજકોટ ઈલેવન સામે રમાઈ હતી, જેમાં સુરતની ટીમ ફાઇનલમાં વિજેતા બની હતી. જ્યારે બીજી મેચમાં ભાવનગર મેયર ઈલેવન અને સુરત મેયર ઈલેવન વચ્ચે રમાઈ હતી, જેમાં સુરત ઈલેવનનો ભવ્ય વિજય થયો હતો. આમ, સુરત મહાનગરપાલિકાએ કમિશનર અને મેયર ઈલેવન બંને મેચમાં ફાઈનલ જીતી લીધી હતી.

આંતર મહાનગરપાલિકા ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રથમ મેચ કમિશનર ઈલેવન ફાઈનલની ફાઈનલ મેચ સુરત અને રાજકોટ વચ્ચે રમાઈ હતી, જેમાં રાજકોટ ઈલેવન પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૪૧ રન બનાવ્યા હતા, જ્યારે આ લક્ષ્યાંક સુરતની ટીમે માત્ર ૧૭.૪ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૧૪૨ રન બનાવી જીત હાંસલ કરી હતી. આમ, બને ટીમો વચ્ચે ભારે રસાકસી જામી હતી, જેમાં સુરત તરફથી ચિરાગ પટેલે ૫૧ રનની શાનદાર અડધી સદી ફટકારી જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

બીજી મેયર ઈલેવનની ફાઈનલ મેચ ભાવનગર અને સુરત વચ્ચે રમાઈ હતી, જેમાં ભાવનગર ઈલેવને ટોસ જીતી પ્રથમ બેટિંગ પસંદ કરી હતી, પરંતુ સુરતની ધારદાર બોલિંગ સામે ભાવનગરની ટીમ ૧૮.૫ ઓવરમાં માત્ર ૯૬ રનમાં સમેટાઈ ગઈ હતી, જેના જવાબમાં સુરત ઈલેવનની જીતવા માટેના ૯૭ રનના લક્ષ્યાંકને સુરત મેયર ઈલેવનની ટીમે માત્ર ૯.૩ ઓવરમાં ૮ વિકેટ બાકી રાખીને આસાનીથી હાંસલ કરી લીધો હતો, આમ, ભાવનગર મેયર ઈલેવનની ટીમની કારમી હાર થઈ હતી, આ મેચમાં ભાવનગરની ટીમ રનર-અપ રહી હતી.

મેચના અંતે આયોજિત પૂર્ણાહુતિ સેરેમનીમાં સુરત અને ભાવનગરના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શાસક પક્ષના નેતા, વિરોધ પક્ષના નેતા અને દંડકની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ ઉપરાંત કલેક્ટર, કુલપતિ, જિલ્લા પંચાયત પ્રમુખ, ભાજપ અધ્યક્ષ, સંગઠનના મહામંત્રીઓ અને વિવિધ કમિટીઓના ચેરમેન સહિતના મહાનુભાવોએ હાજર રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ સાથે જ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર લાઇસનિંગ સ્ટાફ, ગ્રાઉન્ડ સ્ટાફ, અમ્પાયરો અને કોમેન્ટ્રેટરનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# અજાણ્યા બાઈકે અડફેટે લેતા દૂધ લેવા જતા નવાગામના વૃદ્ધાને ઈજા

ભાવનગર,તા.૧૦

ભાવનગરના નવાગામ ચીરોડા ખાતે રહેતા બંદીશભાઈ સવજીભાઈ દિહોરાએ વરતેજ પોલીસ મથકમાં અજાણ્યા બાઈક ચાલક સામે તેમની માતાને અડફેટે લઈ ઈજા પહોંચાડ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ નવાગામ ચીરોડા ખાતે રહેતા બંદીશભાઈ સવજીભાઈ દિહોરાએ વરતેજ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેમના માતા સવિતાબેન દૂધ લેવા ગયા હતા ત્યારે અજાણ્યા બાઈક ચાલકે તેમને અડફેટે લઇ ઈજા કરી નાશી ગયેલ આ અંગે વરતેજ પોલીસે અજાણ્યા બાઈક ચાલાક વિરુદ્ધ બીએનએસની કલમ ૨૮૧, ૧૨૫-એ, ૧૨૫-બી તેમજ એમવી એક્ટ ૧૭૭, ૧૩૪, ૧૮૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નારીમાં વિદેશી દારૂની બે બોટલ સાથે શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૧૦

વરતેજ પોલીસે નારી ગામના તળાવ પાસે આવેલી બાવળની કાંટમાં દરોડો પાડી તલાશી લેતા વિદેશી દારૂની ૨ બોટલ રૂ.૩૬૦ ની મળી આવતા વરતેજ પોલીસે જયદીપ ભરતભાઈ રાઠોડની ધરપકડ કરી તેના વિરૂધ્ધ વરતેજ પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં ૧૩.૪ ડિગ્રી સાથે કડકડતી ઠંડી યથાવત

**સરેરાશ ૧૦ કી.મીની ઝડપે બર્ફીલો પવન ફુંકાયો, મહત્તમ તાપમાન પણ ૨૫.૬ ડિગ્રીએ સીઝનનું સૌથી નીચું રહ્યું**

ભાવનગર,તા.૧૦

ઉત્તર-પૂર્વીય બર્ફીલા પવન ફુંકાવાના કારણે આજે શનિવારે પણ લઘુતમ તાપમાન ઘટીને ૧૩.૪ ડિગ્રીએ પહોંચી જતા સતત બીજા દિવસે નગરજનો સહિત લહેર સાથે કડકડતી ઠંડીમાં ઠુંઠવાયા હતા. જયારે મહત્તમ તાપમાન પણ ૨૫.૬ ડિગ્રી રહ્યું હતું જે સીઝનનું સૌથી નીચું તાપમાન હોય દિવસ દરમિયાન પણ લોકોએ ગુલાબી ઠંડીનો અનુભવ કર્યો હતો.

ગઈકાલે શુક્રવારે સીઝનમાં પ્રથમવાર લઘુતમ તાપમાન સૌથી નીચું જતા લોકો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા.જેના બીજા દિવસે આજે પણ તાપમાન ઘટીને ૧૦.૪ ડિગ્રી થયું હતું. જેના કારણે સતત બીજા દિવસે લોકોએ શિયાળાની અસલી ઠંડીનો પણ અનુભવ કર્યો હતો ગઈકાલે શુક્રવારે મહત્તમ તાપમાન પણ ૨૫.૬ ડિગ્રી રહ્યું હતું જે સીઝનનું સૌથી નીચું તાપમાન હોય દિવસ દરમિયાન લોકોએ ગુલાબી ઠંડીનો અનુભવ કર્યો હતો.

હજુ પાંચેક દિવસ સુધી ઠંડી યથાવત રહેશે તેવી હવામાન શાસ્ત્રીઓ અને હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.આજે સવારે કાતિલ ઠંડીના પગલે હાઈ-વે પર ધુમ્મસ છવાયું હતું અને વાતાવરણ ખુશનુમા રહ્યું હતું. ઠંડીથી બચવા લોકોએ તાપણાનો સહારો પણ લીધો હતો. વહેલી સવારે લોકો ઘરની બહાર પણ નીકળી ના શકે તેવો સરેરાશ ૧૦ કિમીની ઝડપે પવન ફુંકાયો હતો જેના કારણે વહેલી સવારે શાળાએ જતા બાળકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ભાવનગરમાં છેલ્લા કેટલાક દિવસથી લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતા હાડ થીજવતી ઠંડી પડી રહી છે. હવામાન વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, સમગ્ર ગુજરાતની સાથો સાથ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનો કહેર જોવા મળી રહ્યો છે.આ સિવાય સૌરાષ્ટ્રના પણ ઠંડી ભુક્કા બોલાવી રહી છે. અને ભાવનગર શહેરમાં પણ છેલ્લા દસેક દિવસથી કાતિલ ઠંડીનો પ્રભાવ રહેવા પામ્યો છે.

# ૧૭ વર્ષથી ફરાર આરોપીને ભાવનગર એલ.સી.બી દિલ્હીથી ઝડપી લાવી

**૨૦૦૯માં વલભીપુરમાં આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ હેઠળ ગુનો નોંધાયેલ**

ભાવનગર,તા.૧૦

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફએ મળેલી પૂર્વ બાતમીના આધારે ૧૭ વર્ષ પહેલા વલભીપુર પોલીસ મથકમાં આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ હેઠળ ગુનો કરી ફરાર થયેલ હોય તેને દિલ્હી ખાતેથી ઝડપી લઈને વલભીપુર પોલીસને સોંપી આપ્યો હતો.

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સ્ટાફનાં માણસોને અગાઉ બાતમી મળેલ કે, ભાવનગર,વલ્લભીપુર પોલીસ સ્ટેશનમાં સને-૨૦૦૯માં દાખલ થયેલ આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમઃ-૩,૭ મુજબના ગુન્હાના કામે નાસતાં-ફરતાં આરોપી દિપક જૈન રહે. નવી દિલ્હી વાળો હાલ દિલ્હી ખાતે રહે છે. જેથી ભાવનગર, એલસીબી. ટીમે દિલ્હી ખાતે નાસતાં-ફરતાં આરોપી અંગે તપાસ કરતાં આરોપી તેના રહેણાંક મકાને .૬૭૫, વીર એપાર્ટમેન્ટ, પ્લોટ નંબર-૨૮, સેક્ટર-૧૩,



રોહિણી,સેક્ટર -૭, ઉત્તર પશ્ચિમ દિલ્હી હાજર હોવાનું જણાય આવેલ.જે જગ્યાએ તપાસ કરતાં દીપક રાજેન્દ્ર પ્રસાદ જૈન ઉ.વ.૫૧ મુજબના નાસતો-ફરતો આરોપી હાજર મળી આવતાં તેના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી વલ્લભીપુર પોલીસ સટેશન સોંપી આપવામાં આવેલ.

# તણસા ગામે દંપતીને છ લોકોએ જાનથી મારી નાંખવાની ધમકી આપી

ભાવનગર,તા.૧૦

ઘોઘાના તણસા ગામે રહેતા દંપતીને પડોશીઓએ લીમડા પાસે સામાન મૂકવા બાબતની બોલાચાલીને લઈ ત્રણ મહિલા સહિત છ લોકોએ પતિ પતીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘોઘાના તણસા ગામે રહેતા પ્રવીણભાઈ લાખાભાઈ રાઠોડને બાજુમાં રહેતા ખોડા દેવજીભાઈ તથા તેમના પત્ની લમીબેન ખોડાભાઇ તથા તેમના દિકરા કીશોર ખોડાભાઈ તથા મહેશ ખોડાભાઈ તથા અંકીતાબેન તથા જશુબેન છેલ્લા એક વર્ષથી ઘરના લીમડા પાસે સામાન, મુકવા બાબતે અને રસ્તા બાબતે કોઈને કોઈ કારણ ઉપજાવી પ્રવીણભાઈ અને તેના પત્ની સાથે ઝઘડો કરતા હતા. આ બનાવની દાઝ રાખી ત્રણ મહિલા સહિત છ લોકોએ પ્રવીણભાઈ અને તેમના પતીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ સંદર્ભે પ્રવીણભાઈએ ત્રણ મહિલા સહિત છ લોકો સામે ઘોઘા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સતવારા જ્ઞાતિ દ્વારા વિદ્યાર્થી ઈનામ વિતણ સાથે સ્નેહ મિલન યોજાયું

**જ્ઞાતિના આગેવાનો, સરકારના જુદા જુદા ક્ષેત્રમાં ફરજ બજાવતા અધિકારીઓની પ્રેરક ઉપસ્થતિ રહી**

ભાવનગર,તા.૧૦

સતવારા જ્ઞાતિ સેવા મંડળ, ભાવનગર આયોજિત સમાજના તેજસ્વી તારલાને સન્માનીત કરવા માટે ઈનામ વિતણ કાર્યક્રમ તથા સ્નેહ મિલન કાર્યાક્રમ તા. ૦૪-૦૧-૨૦૨૬ના રોજ અટલ બિહારી બાજપેયી ઓપન એર થિયેટર, મોતીબાગ, ભાવનગર મુકામે સતવારા સમાજ ભાવનગરના તમામ જ્ઞાતિબંધુઓની હાજરીમાં યોજાઈ ગયો જેમાં અધ્યક્ષ સ્થાને બચુભાઈ કાનજીભાઈ વઢવાણીયા તથા પ્રમુખ



મહિપતભાઈ જાંબુકિયા, ઉપપ્રમુખ શશીકાંતભાઈ નકુમ, મંત્રી ગોરધનભાઈ સોનગરા, ખજાનચી ભરતભાઈ જાંબુકિયા તથા તમામ કારોબારી



સમિતિના સભ્યોએ ખુબજ સરસ આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવેલ. કાર્યક્રમમાં ડો. ઉમેશભાઈ પરમાર (એમ.ડી. ગેસ્ટ્રો) દુર્વા ગેસ્ટ્રો કેર, ભાવનગર તથા આર.ટી.ઓ નિલેશભાઈ કડીયા, ગૌરાંગભાઈ જાંબુકિયા, નિતેશભાઈ વઢવાણીયા (બી.એમ.સી.) રવિન્દ્રભાઈ લકુમ (હિસાબી અધિકારી) મુકેશભાઈ લકુમ (મામલતદાર, જાફરાબાદ) વિગેરે અધિકારીઓએ સમાજના બાળકોને સુંદર માર્ગદર્શન તથા મોટીવેશન આપેલ તેમજ કાર્યક્રમની શોભા વધારેલ. કાર્યક્રમનું સ્ટેજ સંચાલન કાંતીભાઈ કણજરીયા (શિક્ષક) દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું. કાર્યક્રમ બાદ તમામ જ્ઞાતિબંધુઓ સમુહ ભોજન લીધું હતું.


**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

નં. DRM/EL/BVP/2025-26/23 તારીખઃ 09/01/2026

**લિફ્ટ્સમાં CCTV કેમેરાઓની જોગવાઈ, વિવિધ સેક્શનને લગતુ સહાયક ઈલેક્ટ્રિકલ કામ અને ઈલેક્ટ્રિકલ સંપત્તિની વૃદ્ધિ અને બદલીકરણ**

| અનું. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (રૂા.) | ઈએમડી (રૂા.) |
|---|---|---|---|---|
| ૦૧ | બીવીપી-ઈએલ-પી-૩૫-૨૦૨૫-૨૬ | ભાવનગર ડિવિઝન : લિફ્ટ્સમાં CCTV કેમેરાઓની જોગવાઈ કરવાનું કામ. | ૨૫,૦૨,૩૯૫ | ૫૦,૧૦૦ |
| ૦૨ | બીવીપી-ઈએલ-પી-૩૧-૨૦૨૫-૨૬-R૨ | ભાવનગર ડિવિઝન : ૨૪ મહિનાઓ માટે ભાવનગર ડિવિઝનના બોટાદ-ગાંધીગ્રામ, ભાવનગર ટર્મિનસ-ધોળા, સિહોર-પાલીતાણા, રાજુલા-મહુવા અને ઢસા-ખીજડીયા સેક્શનને લગતુ સહાયક ઈલેક્ટ્રિકલ કામ. | ૭૧,૯૩,૩૧૦ | ૧,૪૩,૯૦૦ |
| ૦૨ | બીવીપી-ઈએલ-પી-૧૭-૨૦૨૫-૨૬-R૧ | ભાવનગર ડિવિઝન : સુરક્ષા અને ભરોસાપાત્રતા વધારવા માટે આયુ સહ સ્થિતિના ધોરણ પર ઈલેક્ટ્રિક સંપત્તિની વૃદ્ધિ અને બદલીકરણ કરવાનું કામ. | ૨,૪૦,૩૨,૨૩૨ | ૨,૭૦,૨૦૦ |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડીંગ શરૂ થવાની તારીખ : ૧૬-૦૧-૨૦૨૬ બિડીંગ બંધ થવાની તારીખ : ૩૦-૦૧-૨૦૨૬ વેબસાઈટ વિગતો : www.ireps.gov.in

BVP-238

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**ઓનલાઈન ટેન્ડર જાહેર નિવિદા**

**લઘુ સિંચાઈ પંચાયત પેટા વિભાગ, તાલુકા સેવા સદન મહુવા**

**જાહેર નિવિદા નં.૦૪/૨૦૨૫-૨૬**

લઘુ સિંચાઇ પંચાયત પેટા વિભાગ, તાલુકા સેવા સદન મહુવા દ્વારા (ફોન નં.૦૨૮૪૪-૨૨૨૩૯૩)અત્રેનાં વિભાગનાં ૨(બે) કામની અંદાજીત રકમ ૦૯.૭૯ લાખની (બીજો પ્રયત્ન) કામગીરી માટે ગુજરાત રાજયનાં બાંધકામ તથા સિંચાઈ ખાતાનાં ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. વિગતવાર નિવિદા http://nwr.nprocure.com વેબસાઈટ ઉપરથી જોવા મળશે અને આ સાઈટ ઉપર ઓનલાઈન ભાવો ભરવાના રહેશે. આ કામનાં ટેન્ડરની તારીખ. ૦૮/૦૧/૨૦૨૬ થી તારીખ. ૧૮/૦૧/૨૦૨૬ દરમ્યાન ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા અપલોડ કરી ટેન્ડરો ઓનલાઈન સબમિટ કરવાના રહેશે. તા.૨૧/૦૧/૨૦૨૬ સુધીમાં ટેન્ડર ફી, બાનાની રકમ (રજી.એ.ડી.થી) સ્વીકારમાં આવશે. વિગતવાર ટેન્ડર ખોલવાની તારીખ અને સંભવિત સમયઃ- તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ ૧૨-૦૦ કલાકથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, લઘુ સિંચાઇ પંચાયત પેટા વિભાગ-મહુવાની કચેરી ખાતે ખોલવામાં આવશે. ભાવો સ્વીકારવા અંગેનો નિર્ણય નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, લઘુ સિંચાઈ પંચાયત પેટા વિભાગ- મહુવાનો આખરી ગણાશે.આ અંગેની વિગત લઘુ સિંચાઇ પંચાયત પેટા વિભાગ, મહુવાનાં નોટીસ બોર્ડ ઉપર જોવા મળશે. ટેન્ડરો રૂબરૂ/ટપાલથી સ્વિકારવામાં આવશે નહીં.

માહિતી - ભાવ- ૧૩૧૧/૨૬



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**શ્રી કૈલાસબેન ધીરૂભાઈ જાની,** **કેસ નં. ૨૨૯/૨૦૨૫**
**રહે. ૪૫૫૧, તબુ રોડ, ભુંભલી, તા.જી. ભાવનગર** **મૃ. તા.૨૦/૦૪/૧૯૫૮**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મરણ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી કૈલાસબેન ધીરૂભાઈ જાનીએ તેમના દાદા અમૃતલાલ મણીશંકર આસ્તિકનું મૃત્યુ તા. ૨૦/૦૪/૧૯૫૮ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(કે.બી.ચાંદલીયા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**શ્રી અબ્દુલહબીબભાઈ ઈસાકભાઈ કટારીયા,** **અરજી રજી નં. ૨૨૩/૨૦૨૫**
**રહે. વડવાનેરા, રાઠોડ પાન વાળો ખાંચો,** **જ.તા.૧૨/૦૬/૧૯૫૯**
**ભાવનગર**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી અબ્દુલહબીબભાઈ ઈસાકભાઈ કટારીયા તેમના ભાઈ યાકુબભાઈ ઈશાકભાઈ શેખનો જન્મ તા. ૧૨/૦૬/૧૯૫૯ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(કે.બી.ચાંદલીયા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

અરજી નં.૧૯૩/૨૦૨૫
જ.તા. ૧૮-૧-૧૯૬૪

**શ્રી હિતેષભાઇ અમૃતલાલ સોમાણી,**
રહે. જવાહર ચોક, મુ.ઉમરાળા, તા.ઉમરાળા,
જી.ભાવનગર. મો.૯૮૨૫૮૧૯૬૯૫ ......અરજદાર

**... વિરૂધ્ધ ...**

જન્મ- મરણ રજીસ્ટ્રારશ્રી,
ભાવનગર મહાનગર પાલીકા કચેરી, ભાવનગર ......સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધ કરવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી હિતેષભાઇ અમૃતલાલ સોમાણી રહે. જવાહર ચોક, મુ.ઉમરાળા, તા.ઉમરાળા, જી.ભાવનગર. મો.૯૮૨૫૧૯૬૯૫ તેમના બહેન **પ્રવિણાબેન અમૃતલાલ સોમાણી**નો જન્મ તા.**૧૮-૧-૧૯૬૪** ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે કોઇ ઇસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં દિન- ૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તા.૨૯-૯-૨૦૨૫ ના રોજ કોર્ટનો સહી સીકકો કરી આપ્યો.

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કચેરી

હુકમથી
(કે. બી. ચાંદલીયા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર, ભાવનગર

TRIBHOVAN

રોબોટિક સર્જરી
ડૉ. કેવલ પરમાર
એમ.એસ. ઓર્થોપેડિક (ગોલ્ડ મેડાલીસ્ટ)
ટ્રોમા એન્ડ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ઘૂંટણ બદલવાનું ઓપરેશન
કે.પી હોસ્પિટલ
નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ



તા. ૧૦-૦૧-૨૦૨૬, શનિવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




## એસઆઈટી દ્વારા તપાસ તેજ : બગદાણા હુમલા કેસમાં આરોપીના ૩ દિવસના રિમાન્ડ મંજૂર

### આરોપીઓ પાસે રિ-કન્સ્ટ્રક્શન કરાવી તેમજ મોબાઈલ રેકોર્ડ અને અન્ય પુરાવાઓની ચકાસણી હાથ ધરાશે



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૦

મહુવા તાલુકાના બગદાણા ગુરુ આશ્રમમાં કોળી સમાજના આગેવાન નવનીતભાઈ બાલધીયા પર થયેલા જીવલેણ હુમલાના કેસમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમએ તમામ ૮ આરોપીઓ સામે મહુવા કોર્ટમાં વધુ ૭ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, કોર્ટે ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ગત ૨૯ ડિસેમ્બરના રોજ બગદાણામાં અજાણ્યા અને ઓળખીતા ૮ આરોપીઓએ પાઈપ અને ધોકા વડે નવનીતભાઈ પર હુમલો કર્યો હતો, જેની તપાસ હાલ SIT કરી રહી છે. ગુરુવારે SITએ જેલમાંથી આરોપીઓનો કબજો લઈને તેમનો મેડિકલ ચેકઅપ હોસ્પિટલમાં કરાવ્યો હતો, જે પછી કોર્ટમાં રજૂઆત કરી હતી.

આ ઘટના બાદ પીડિત નવનીતભાઈને ૧૧ દિવસની સારવાર પછી હોસ્પિટલમાંથી રજા મળી છે, પરંતુ તેઓ હજુ પૂરી રિકવરીની અવસ્થામાં નથી. SITની તપાસમાં 'ગુનાહિત કાવતરા' (BNS ૧૦૯, જૂના IPC 307 જેવી) જેવી નવી કલમો ઉમેરાઈ છે અને માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીર પર આરોપો લાગ્યા છે. જોકે DySP રીમાબાએ તપાસમાં તેમની સંડોવણીના પુરાવા ન મળ્યા હોવાનું તત્કાલીન સમયે જણાવ્યું હતું, હાલ કોર્ટે ૩ દિવસના રિમાન્ડ મંજૂર કરતા SITએ તપાસને ધમધમાટ હાથ ધર્યો છે અને આરોપીઓના રિ-કન્સ્ટ્રક્શન, મોબાઈલ રેકોર્ડ અને અન્ય પુરાવાઓની ચકાસણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.ના નેતૃત્વમાં કોળી સમાજના સાંસદ, ધારાસભ્યોમુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળી તટસ્થ તપાસ અને SITની રચનાની માંગ કરી હતી,

જેના પગલે IPS જયવીર ગઢવીના નેતૃત્વમાં ૫ સભ્યોની SIT રચાઈ છે. બગદાણા પીઆઈ ડાંગરની પણ બદલી થઈ છે અને સમાજમાં ન્યાયની માંગ ઉચ્છલાઈ છે. પોલીસે દરરોજ સરકારને રિપોર્ટ સોંપવાના આદેશ આપ્યા છે, જેથી કેસની તટસ્થતા જળવાઈ રહે.

## નવપલ્લવિત સોનેરી ઉડાને સૂર્યોદયની સાક્ષીએ નભમાં 'વિહરતી પાંખો'



આધુનિક યુગમાં મોબાઈલની એક સચોટ 'ક્લિક' કેવી જાદુઈ હોઈ શકે, તેનું પ્રમાણ આ ઉગતા સૂરજની મનોહર તસ્વીર છે. રાત્રિના અંધકારને ચીરીને જ્યારે નવો સૂર્ય આકાશમાં પ્રગટે છે, ત્યારે તેની કેસરી આભામાં વિહરતું પક્ષી માત્ર ઉડાન નથી ભરી રહ્યું, પણ એક નવી આશા અને નવી શરૂઆતનો સંદેશ આપી રહ્યું છે. સૂર્યના પ્રચંડ તેજ સામે પોતાની પાંખો ફેલાવીને ઉભું રહેલું આ પક્ષી સંઘર્ષ પછી મળતી સફળતા અને આત્મવિશ્વાસનું પ્રતીક છે. આસપાસની લોખંડની જાળીઓ અને થાંભલાઓ ભૌતિક જગતની મર્યાદાઓ દર્શાવે છે, પણ ઉગતા સૂરજ તરફની આ ગતિ એ વાત સૂચવે છે કે જો હિંમત હોય તો ગમે તેવા બંધનોને પાર કરી ઉચ્ચ શિખરો સર કરી શકાય છે. ક્લિક ખરેખર અજાયબી પમાડે તેવી અને જીવનમાં નવી ઊર્જા ભરનારી છે. (તસવીર અને કથા દિપક માળી)

## વલ્લભીપુર રોડ પર નાળાનો ભાગ ધસી પડતા ડામર ભરેલું ડમ્પર પલ્ટી ગયું



વલ્લભીપુર પાટી રોડ પર ડામર ભરેલું એક ડમ્પર નાળા નીચે ખાબક્યું હતું. આ અકસ્માતમાં ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ થઈ ન હતી.પ્રાથમિક માહિતી અનુસાર રોડ પર ડામર કામ ચાલી રહ્યું હોવાથી મોટા વાહનોની અવરજવર હતી. ડામર ભરેલું ડમ્પર પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક નાળું તૂટી પડ્યું હતું. નાળું તૂટતા ડમ્પર નીચે ખાબક્યું હતું, જેના કારણે વાહનને ભારે નુકસાન થયું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોના ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા.

## મહુવાથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલી બેગ સાથે ઈસમ ઝડપાયો

### રૂ.૨૩ હજારનો મુદ્દામાલ જપ્ત કરતી મહુવા ટાઉન પોલીસ

ભાવનગર,તા.૧૦

મહુવા ટાઉન પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ઈંગ્લીશ દારૂની બોટલો ભરેલી બેગ સાથે મહુવાના એક ઈસમને ઝડપી લઈને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મહુવા ટાઉન પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો મહુવા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમા હતા તે દરમ્યાન બાતમી મળેલ કે, ફાતેમા સોસાયટીના નાકે આસીકભાઈ સદરુદીનભાઈ જમાણી ઉ.વ. ૩૬ ધંધો ભંગારનો રહે. નુરાની બાગ, અબ્બાસી બોડ'ગની પાસે, મહુવા નામનો ઈસમ શંકાસ્પદ હાલતમા બેગ લઈને ઉભો છે જે બાતમી આધારે રેઈડ કરતા ત્યા આસીકભાઈ સદરુદીનભાઈ જમાણી શંસ્કાસ્પદ હાલતમા ઈંગ્લીશ દારૂની નાની ૭૧ બોટલો કી.રૂ.૨૩.૪૩૦ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય જેથી તેના વિરુધ્ધમા મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમા પ્રોહીબીશન એક્ટ અન્વયે ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## કાલે બહારગામ જવાનું માંડી વાળજો, એસટી બસ મળવી બનશે મુશ્કેલ !

### ભાવનગર ડિવિઝનની ૧૫૦ મળી કુલ ૩૦૦ બસ સોમનાથ સ્વાભિમાન પર્વમાં ફાળવાઈ

ભાવનગર,તા.૧૦

દેશભરના લોકોના આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર સોમનાથ મહાદેવ ખાતે સ્વભિમાન પર્વની જબ્બર ઉજવણી થઇ રહી કછે જેમાં તા.૧૧મી જાન્યુઆરીના સોમનાથ ખાતે સવારે ૧૧ કલાકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભા યોજાવાની છે,જેમાં ભાવનગર સહિતના અનેક જિલ્લામાં જનમેદનીના આયોજન અંતર્ગત શહેર અને તાલુકા કક્ષાથી વધારાની એસ.ટી. બસ દોડાવવામાં આવશે. જેથી આ દિવસે એસટીની બસો મેળવી મુશ્કેલ બનવાના એંધાણ છે. જોકે, ૩૦૦ બસની જરૂરિયાત સામે ભાવનગરની માત્ર ૧૫૦ બસ ઉપયોગમાં લેવાશે જેથી મુસાફરી જનતાને મોટી મુશ્કેલી ન પડે.

સોમનાથમાં વડાપ્રધાનની જાહેર સભાના કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી લોકો ઉમટી પડવાના છે ત્યારે ગુજરાત એસ.ટી. વિભાગ દ્વારા આયોજનના ભાગરૂપે વધારાની ખાસ એસ.ટી. બસ નિયત કરાયેલા શહેર, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ ઉપાડવામાં આવશે. જે અંતર્ગત ભાવનગર એસ.ટી. ડિવિઝનમાંથી ૧૫૦ બસો ફાળવાઈ છે. ૩૦૦ બસની ડિમાન્ડ થતા અન્ય ૧૫૦ બસ પાલનપુર અને ભરૂચ ડિવિઝનમાંથી મેળવીને મોકલાશે તેમ જાણવા મળ્યું છે.

## ચોરી કરેલા ત્રણ મોબાઈલ સાથે એક શખ્સને ઝડપી લેતી ભરતનગર પોલીસ

### કામિનીયાનગરના એક મકાનમાંથી ત્રણેય મોબાઈલ ચોરી કાર્યની કબૂલાત



ભાવનગર,તા.૧૦

ભરતનગર પોલીસે પેટ્રોલિંગ તપાસ દરમિયાન તળાજા જકાતનાકા પાસેથી એક શંકાસ્પદ શખ્સને અટકાવી પૂછપરછ કરી તલાશી લેતા તેની પાસથી બે દિવસ પહેલા ચોરી કરેલા ત્રણ મોબાઈલ ફોન મળી આવતા તેની અટકાયત કરી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.


બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભરતનગર પોલીસ સ્ટેશનના સર્વેલન્સના માણસો પોલીસ મથક વિસ્તારમાં વણશોધાયેલ મિલકત સંબંધી ગુન્હાઓના શકદારોની તપાસમાં હતાં. તે દરમ્યાન તળાજા જકાતનાકા પાસે કામનીયાનગરના નાકા પાસે રોડ ઉપર એક ઇસમ શંકાદસ્પદ હાલતમાં જણાતા તે ઈસમનું નામ પુછતા પોતે પોતાનું નામ ગણેશભાઇ રમેશભાઇ ઝાપડીયા રહે.કાચના મંદિર સામે કસ્તુરબા સોસાયટી, ભાવનગર વાળો હોવાનું જણાવેલ. તેની તપાસ કરતા તેની પાસેથી ત્રણ મોબાઇલ ફોન મળી આવેલ જેથી તેને પુછતા મોબાઇલ ફોન અંગે કોઇ સંતોષકાર જવાબ આપેલ નહી જેથી પો.સ્ટે. લાવી તપાસ કરતા મોબાઇલ ફોન તેણે ચોરીથી મેળવેલ હોવાનું જણાય આવતાં તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ. ગત તા.૦૭ના રોજ વહેલી સવારના કામિનીયાનગરના એક મકાનમાંથી ત્રણેય મોબાઇલો ચોરી કરેલ હોવાની કબુલાત આપી હતી.

### આડોડીયાવાસમાં ભઠ્ઠી તોડી પાડવાના કેસમાં LCBનો સપાટો

## સડેલો ગોળ-યીસ્ટ વેચતા વેપારી પિતા પુત્ર સહિત 7 ઝડપાયા

### દેશી દારૂ-આથો સહિતનો મુદ્દામાલ કબજે લેવાયો





ભાવનગર,તા.૧૦

ભાવનગર શહેરના આડોડીયાવાસમાં ૫ ડિસેમ્બરમાં રોજ દેશી દારૂની ભઠ્ઠીમાં LCB ટીમે રેડ કરી જેમાં રેડ દરમિયાન દેશી દારૂ, આથો, વિદેશી દારૂની બોટલો, સાધનો સહિતનો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી. દેશી દારૂની ભઠ્ઠી ચલાવવા માટે અખાદ્ય સડેલો ગોળ પૂરો પાડનાર શહેરના દાણાપીઠ વિસ્તારમાં આવેલા નદીમ ટ્રેડર્સ નામની દુકાને રેડ કરી અખાદ્ય (સડેલો) ગોળ મળી આવતા નાશ કર્યો હતો. જેમાં સડેલા ગોળ અને યીસ્ટનું વેચાણ કરતા બે વેપારી સહિત ૭ની ધરપકડ કરવામાં આવી હતી.

આ બનાવ અંગે LCB કચેરીથી મળતી માહિતી મુજબ, તા ૫ ડિસેમ્બરના રોજ ભાવનગર શહેરના આડોડિયાવાસ વિસ્તારમાં રહેતાં નીતાબેન સરજુભાઈ રાઠોડના રહેણાંક મકાનમાં ધમધમતી દેશીદારૂની ભઠ્ઠીની બાતમી મળી હતી. જે આધારે LCB ટીમે રેડ કરતાં દેશીદારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી સહિતના સાધનો, દેશી દારૂ ૨૨૯ લીટર, ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલ ૫૨ નંગ, આથો ૩૨૨૫ લીટર, નાના મોટા બેરલ ૨૫ નંગ મળી કુલ રૂ. ૧,૪૭,૯૨૫નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

સમગ્ર બનાવ અંગે ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનની અલગ-અલગ કલમો હેઠળ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં તપાસ દરમિયાન દેશી દારૂની ભઠ્ઠી ચલાવવા માટે અખાદ્ય સડેલો ગોળ પુરો પાડનાર દાણાપીઠ વિસ્તારમાં આવેલા નદીમ ટ્રેડર્સ નામની દુકાને રેડ કરવામાં આવી હતી. અખાદ્ય સડેલો ગોળ ૩૦૦ કિલો રૂ.૧૨,૬૦૦ નો મળી આવતા અખાદ્ય સડેલો ગોળનો નાશ કરવામાં આવ્યો હતો. જ્યારે આ ગુનામાં અખાદ્ય (સડેલો) ગોળ પુરો પાડનાર તથા યીસ્ટ પુરૂ પાડનાર ૨ વેપારીઓની ધરપકડ કરવામાં આવી હતી.

દેશી દારૂની ભઠ્ઠીમાં સંકળાયેલા આરોપીઓ નીતાબેન સરજુ વજુભાઈ રાઠોડ, ક્રિષ્ના કાલીચરન તોમર, ભાગીરથ કાલીચરન જાદૌન, ભાવેશ ઉર્ફે ભુરો જગદીશભાઈ ઉર્ફે કાળુ રાઠોડ, જીબીલ ભાનુભાઈ પરમાર તથા વેપારી પિતા પુત્ર મહંમદ ઈકબાલઅલી હિરાણી, ઈકબાલ યુસુફભાઈ હિરાણીની ભાવનગર LCB ટીમે ધરપકડ કરી તેના વિરુદ્ધ ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી.

## અમારી સામે ફરીયાદ કેમ કરી હતી તેમ કહી યુવક ઉપર બે શખ્સોએ છરીથી હુમલો કર્યો

### મોતીતળાવમાં સાળાની નજર સામે બનેવી પર હુમલો કર્યાની બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ

ભાવનગર,તા.૧૦

શહેરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા સાળા બનેવી કામે જતા હતા ત્યારે મોતીતળાવમાં બે શખસે ઘસી આવી સાળાની નજર સામે જ બનેવીને તે કેમ અગાઉ અમારી સામે ફરીયાદ કરી હતી તેમ કહી છરીના ઘા મારી જીવલેણ હુમલો કરી યુવકને ઈજા કરી નાસી છૂટ્યા હતા.યુવકને ગંભીર હાલતે હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. બંને શખ્સો સામે બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઇ હતી.

સમગ્ર બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર શહેરના કુંભારવાડા વિસ્તારની બાનુબેનની વાડીમાં રહેતા રોહિતભાઈ મહેન્દ્રભાઈ ગોહેલએ બોરતળાવ પોલીસ મથકમાં બટુક બલોચ અને તૌફિક સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે કુંભારવાડા, અક્ષરપાર્કમાં રહેતા તેના બનેવી સુરેશભાઈ પ્રવિણભાઈ મેર બન્ને બાઈક લઈને મોતીતળાવથી જઈ રહ્યા હતા ત્યારે અબ્દુલભાઈની દુકાને માવો ખાવા ઉભા રહેતા ઉપરોક્ત બંને શખસોએ આવી તેના બનેવીને તે કેમ અગાઉ અમારી વિરુદ્ધ ફરીયાદ કરી હતી તેમ કહી સુરેશભાઈ પર હુમલો કરી છરીના ઘા મારી ઈજા પહોંચાડી હતી અને આજ તો તુ બચી ગયો છો હવે અમારી વિરુધ્ધમાં ફરીયાદ કરી તો જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી હતી. બનાવના પગલે બોરતળાવ પોલીસે બીએનએસ એક્ટ ૧૦૯(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪, તેમજ જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

